કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પ્લેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૫ જૂન, ૨૦૨૪ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી :-
90990 79304, 9638560091
હોથીના ઘરની સામે, છડ ફરિયો, નલિયા, તાલુકા અબડાસા - કચ્છ

◆અંક નંબર : ૦૩૨◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ જેઠ વદ-૪◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# કોંગ્રેસે દેશની સ્વતંત્રતાને કચડી : પીએમ

### ૧૯૭૫ની ઈમરજન્સીની ૪૯મી વર્ષ ગાંઠે વડાપ્રધાન સહિતના દિગ્ગજોએ આપી પ્રતિક્રીયા : કોંગ્રેસને ભાજપે લીધું આડેહાથ



નવી દિલ્હી : ઈમરજન્સી લાગુ કર્યે આજે ૪૯ વર્ષ થયા છે. ત્યારે ભાજપે કોંગ્રેસ પર ધારદાર પ્રહાર કર્યા છે. પીએમ મોદીથી લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ સહિત દિગ્ગજો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા છે. ત્યારે પીએમ મોદીએ આ અંગે શું કહ્યું આવો જાણીએ.

સોશિયલ મીડિયા એક્સ પર પીએમ મોદીએ પોસ્ટ કરતા જણાવ્યું કે આજે એ મહાન પુરુષો અને સ્ત્રીઓને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે જેમણે ઈમરજન્સીનો વિરોધ કર્યો. કટોકટીનાં કાળા દિવસો આપણને યાદ અપાવે છે કે કેવી રીતે કોંગ્રેસ પાર્ટીએ મૂળભૂત સ્વતંત્રતાઓને નાબૂદ કરી હતી અને ભારતના બંધારણને કચડી નાખ્યું હતું, જેનો દરેક ભારતીય ઊંડો આદર કરે છે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યુ કે સત્તામાં રહેવા માટે તત્કાલીન કોંગ્રેસ સરકારે દરેક લોકતાંત્રિક સિદ્ધાંતોની અવગણના કરી અને દેશને જેલમાં ફેરવી દીધો. જે કોઈ કોંગ્રેસ સાથે અસંમત હતા તેને ત્રાસ આપવામાં આવ્યો હતો. સૌથી નબળા વર્ગોને લક્ષ્ય બનાવવા માટે સામાજિક રીતે પ્રતિગામી નીતિઓ લાગુ કરવામાં આવી હતી.

પીએમ મોદીનું કહ્યું કે જેમણે ઈમરજન્સી લાગુ કરી તેમણે આપણા બંધારણ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવાનો કોઈ અધિકાર નથી. આ એ જ લોકો છે જેમણે અસંખ્ય પ્રસંગોએ કલમ ૩૫૬ લગાવી છે. પ્રેસની સ્વતંત્રતા ખતમ કરવા માટે એક બિલ લાવવામાં આવ્યું છે. સંઘવાદ નાબૂદ કરવામાં આવ્યો છે અને બંધારણના દરેક પાસાઓનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. પીએમ મોદીએ કહ્યું, જે માનસિકતાના કારણે ઈમરજન્સી લાદવામાં આવી હતી તે માનસિકતા પાર્ટીમાં હજુ પણ જીવંત છે. તેઓ તેમના પ્રતિકવાદ દ્વારા બંધારણ પ્રત્યેના તેમના અણગમાને છુપાવે છે પરંતુ ભારતના લોકોએ તેમની હરકતો જોઈ લીધી છે આથી વારંવાર તેમને નકારી કાઢવામાં આવી રહ્યા છે.

# ગુજરાતની કેબિનેટમાં શાળા પ્રવેશોત્સવ મુદ્દે મંથન

### આવતીકાલથી રાજયભરમાં શરૂ થશે શાળા પ્રવેશોત્સવ : સીએમ ખુદ ત્રણ જિલ્લાઓમાં બાળકોને શાળામાં કરાવશે પ્રવેશ : આજ યોજાયેલી બેઠકમાં વરસાદની સ્થિતી, કામગીરીની તૈયારીઓ, પાક વાવેતર, ચોમાસુ પાક, કન્યા કેળવણી સહિતના વિષયો પર કરાયું મનોમથન

ગાંધીનગર : રાજયમાં અત્યાર સુધીમાં કયા જિલ્લામાં કેટલો વરસાદ થયો છે કયા જિલ્લામાં વરસાદ નથી થયો અને પીવાના પાણી માટે તેમજ સિંચાઈના પાણી માટે વધુ કોઈ જરૂરિયાત છે કે કેમ તે અંગે કેબિનેટ બેઠકમાં ચર્ચા વિચારણા કરીને નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આવતી કાલથી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ નો રાજ્ય વ્યાપી પ્રારંભ થવાનો છે આથી આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ પદે કેબિનેટ ની બેઠક યોજવામાં આવી છે.

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્યમાં અત્યાર સુધીમાં કયા જિલ્લાઓમાં કેટલા તાલુકાઓમાં કેટલો વરસાદ થયો છે ખેડૂતો વાવેતર કરી શકે તેટલો વરસાદ થયો છે કે નહીં જે વિસ્તારોમાં વાવેતર માટે સિંચાઈના પાણીની જરૂરિયાત છે તે વિસ્તારોમાં સિંચાઈના પાણી પહોંચાડવામાં આવ્યા છે તે અંગેની કામગીરી અંગે પણ સમીક્ષા કરીને ખેડૂતોને વાવેતર માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ થાય તે માટે તેમજ ખેડૂતોને શુદ્ધ અને ગુણવત્તા વાળું બિયારણ ઉપલબ્ધ કરાવવા અંગે પણ ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત આવતીકાલથી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ શરૂ થનાર છે ત્યારે રાજ્યમંત્રી મંડળના મંત્રીઓને જિલ્લાઓની ફાળવણી કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદના કારણે માર્ગ કે પુલો ને કોઈ નુકસાન થાય તો તુરત જ સમારકામ હાથ ધરી શકાય અને રાહત બચાવ કામગીરી હાથ ધરી શકાય તે માટે આગોતરૂ આયોજન કરવા અંગે પણ ચર્ચા વિચારણા કરીને સંબંધીત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત રાજકોટ અગ્નિકાંડ સંદર્ભે કોંગ્રેસ દ્વારા આજે રાજકોટ બંધના આપવામાં આવેલા એલાન ને પગલે રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે તેમ જ સીટના અહેવાલ અંગે પણ કેબિનેટમાં ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા છે.

# રાજકોટ અગ્નીકાંડ ૧ માસ પૂર્ણ : નાની માછલીઓ નહી જવાબદારોને પકડો : શકિતસિંહના સરકાર પર પ્રહાર

ગાંધીનગર : રાજકોટમં અગ્નિકાંડની ઘટનાને એક માસ આજે પૂર્ણ થયો છે.કોંગ્રેસ દ્વારા આજ રોજ ટીઆરપી ગેમઝોનની ઘટનાને પગલે બંધ આપવામાં આવ્યુ છે અને આજ રોજ શહેર સજ્જડ બંધ સમન અવસ્થામાં છે. આજ રોજ બપોરે બાર વાગ્યા સુધીનુ બંધ આપવામા આવયુ હતુ. દરમ્યાન જ આજરોજ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શકિતસિહ ગોહીલે કહ્યુ હતુ કે, આજે રાજકોટ સજ્જડ બંધ છે. અમે બંધ માટે કયાય આગચંપી અથવા તો તોડફોડ કરી નથી. સરકાર ક્યારે મૃદુ અને મક્કમ ન હોય. તેઓએ ક્હયુ કે, આ ઘટનાને એક માસ થઈ ગયો છે, છતા નાની માછલીઓ માત્ર પર જ કામ થયુ છે, મોટા મગરમચ્છો હજુય આબાદ ફરી રહ્યા છે. તેઓએ કહ્યુ હતુ કે, રાજકોટ કલેકટર,



### સરકાર ક્યારે મૃદુ અને મક્કમ ન હોય, વળતરના નામે મજાક બંધ કરો, અગ્નીકાંડને એક માસ પૂર્ણ થયો, મ્યુનીસીપલ કમીશ્નર, કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ પર કાર્યવાહી ક્યારે? : કોંગ્રેસ અધ્યક્ષે ઉઠાવ્યા સવાલ : ઐતિહાસીક બંધ છે, નાની મોટી દુકાનો ખુલી છે તેને અમે બે હાથ જોડીને બંધ માટે વિનંતી કરી રહ્યા છીએ

મયુનીસીપલ કાર્પોરેશનના મેયર સહીતનાઓની સામે કાર્યવાહી કેમ નહી? તેઓએ કહ્યુ કે, આજે બંધ માટે અમે કયાંય તોડફોડ કે આગચપી કરી નથી. થોડી ઘણી નાની દુકાનો ખુલી હતી તેને અમે હાથ જોડી અને બંધ માટેની અપીલ કરી હતી.

# નીટ કૌભાંડ : આંતરરાષ્ટ્રીગ ગેંગની સંડોવણી હોવાની સીબીઆઈને આશંકા

નવી દિલ્હી : નીટ પેપર લીક કૌભાંડમાં તપાસ કરી રહેલી સીબીઆઈની ટીમ એ જૂના અપરાધીઓની કુંડળી પણ ફંફોળશે, જેમનો આ પ્રકારના અપરાધોમાં સામેલ હોવાનો ઈતિહાસ રચ્યો છે. આ ઉપરાંત પેપર લીક કરાવવામાં આંતરરાષ્ટ્રીય ગેંગ સામેલ હોવાની સંભાવનાનો પણ ઈંકાર ન કરી શકાય.સૂત્રોએ જણાવ્યું હતું કે, સીબીઆઈએ પોતાના કેસને પુરી રીતે ખુલ્લો રાખ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ,સીબીઆઈ માત્ર બિહાર પોલીસની આર્થિક અપરાધ શાખાની તપાસને જ આધાર માનવાને બદલે પુરા કેસની વિસ્તૃત તપાસ કરશે. અનેક રાજયોમાં આ મામલે ધરપકડને ધ્યાનમાં રાખતા એ જોવામાં આવશે કે શું તેમનો પરસ્પર કોઈ સંબંધ છે. લિંકના આધારે નવી કડીઓ ફંફોળવામાં આવશે. ઉચ્ચ સ્તરના સૂત્રોનું કહેવું છે કે, પેપર લીકમાં આંતરિક વ્યવસ્થા અને પરીક્ષા તંત્ર સાથે સંકળાયેલા લોકોના સામેલ થવાને લઈને જેટલા પણ સવાલ છે, તે બધાના ઉત્તર તપાસ દરમિયાન મળી શકે તેના માટે અનેક સ્તરેથી ઈનપુટ એકત્ર કરવામાં આવી રહ્યા છે.સીબીઆઈની

અનુસંધાન પાના નં.૪ પર

# પાસપોર્ટ મુદ્દે વિદેશમંત્રી જયશંકરની મોટી જાહેરાત

### ૧૪ લાખથી વધુ વીઝા આવેદન દર મહિને જમા થાય છેઃ વિદેશ મંત્રાલય રાજયો સાથે સમન્વયથી કામ કરી રહ્યું છેઃ જયશંકર

નવી દિલ્હી : વિદેશ મંત્રાલયે ગત વર્ષે ભારતીય નાગરિકોને પાસપોર્ટ સંબંધીત ૧.૬૫ કરોડ સેવાઓ આપી હતી. આટલું જ નહીં, દર મહીને ૧૪ લાખથી વધુ વીઝા આવેદન જમા કરાયા છે. આ બાબત વિદેશ મંત્રી એસ. જયશંકરે સોમવારે ૧૨માં પાસપોર્ટ દિવસના અવસરે સોશિયલ મીડીયા એકાઉન્ટ એક્સ પર જણાવી હતી.તેમણે જણાવ્યું હતું કે, પાસપોર્ટ મંત્રાલય બનાવવા દરમિયાન પોલીસ વેરીફીકેશનમાં લાગતો સમય ઘટાડવા માટે રાજયો સાથે કામ થઈ રહ્યું છે. ભારત અને વિદેશમાં તૈનાત બધા પાસપોર્ટ અધિકારીઓને શુભકામના આપતા જયશંકરે કહ્યું હતું કે કેન્દ્રીય પાસપોર્ટ સંગઠન સાથે વિદેશ મંત્રાલય આ અવસરને ચિહનિત કરી રહ્યું છે.સાથે સાથે ભારતીય નાગરિકોને વિશ્વસનીય, સુલભ, પારદર્શી અને કુશળ રીતે સમય પર પાસપોર્ટ અને સંબંધીત સેવાઓ પ્રદાન કરવાની આપણી પ્રતિબદ્ધતાને નવીનીકૃત કરી રહ્યા છે.

સેવામાં રેકોર્ડ, ૧૫ ટકાનો વધારોઃ વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૨૩માં પાસપોર્ટ અને તેની સાથે જોડાયેલી સેવાઓમાં રેકોર્ડબ્રેક ૧૫ ટકાનો વધારો થયો છે.૨૫ રાજયોમાં એમ- પાસપોર્ટ પોલીસ એપની સુવિધાઃ એમ- પાસપોર્ટ પોલીસ એપ

અનુસંધાન પાના નં.૪ પર

# ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની હવે તુરંતમાં નિમણૂંક

### જે.પી.નડ્ડાને રાજયસભામાં સંસદીય દળના નેતા બનાવાયા : તાવડે અને બંસલના નામ સૌથી આગળ

નવી દિલ્હી : લોકસભામાં ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાને પ્રધાન બાદ રાજયસભામાં ગૃહના નેતા બનાવવામાં આવતા હવે તુરંતમાં ભાજપને નવા અધ્યક્ષ મળશે એવી અટકળો ગતિમાં આવી છે. નિયમો અનુસાર, ભાજપના સ્થાયી અધ્યક્ષની ચૂંટણી જાન્યુઆરીમાં થવાની છે, ત્યાં સુધી પાર્ટીનું સંસદીય બોર્ડ કાર્યકારી અધ્યક્ષની જવાબદારી કોઈ વરિષ્ઠ નેતાને સોંપી શકે છે.હરિયાણા, મહારાષ્ટ્ર, ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરમાં આગામી છ મહિનામાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠન માટે પૂર્ણકાલીન પ્રમુખની જરૂરિયાત વધી ગઈ છે. આમ તો, જે. પી.નડ્ડાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ

અનુસંધાન પાના નં.૪ પર

# દેશના ઈતિહાસમાં પ્રથમ વખત લોકસભાના અધ્યક્ષ માટે ચૂંટણી

નવી દિલ્હી : દેશના ઈતિહાસમાં પ્રથમ વખત લોકસભાના સ્પીકર માટે ચૂંટણી યોજાશે. ઓમ બિરલાની સામે કોંગ્રેસના કે.સુરેશે નોમિનેશન દાખલ કર્યું છે. લોકસભાના અધ્યક્ષ માટે નોમિનેશનનો આજે અંતિમ દિવસ હતો. સ્પીકર પદ માટે સહમતિ ના બનતા વિપક્ષે પણ પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે.




ઓમ બિરલાની સામે કોંગ્રેસે કે.સુરેશને ઉતાર્યા

દેશના ઈતિહાસમાં પ્રથમ વખત લોકસભાના અધ્યક્ષ પદ

અનુસંધાન પાના નં.૪ પર

# દિલ્હી જળસંકટ : ભુખ હડતાળ કરી રહેલી આતીશીની તબિયત લથડી

### મોડી રાતે હોસ્પિટલમાં અપાઈ સારવાર

નવી દીલ્હી : દિલ્હીમા જળસંકટને લઈને ભુખ હડતાળ પર બેઠેલા જળમંત્રી આતીશીની તબિયત ગત મોડીરાતે બગડી હતી. જે બાદ આમઆદમી પાર્ટીના નેતા સંજયસિહ અને પાર્ટીના અન્ય નેતાઓ અને કાર્યકરોએ મોડી રાતે આતિષિને લોકનાયક જયપ્રકાશ નાયરાણ હોસ્પિટલના ડોકટરો પાસે લઈ ગયા હતા. દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યુ હતુ કે આતીશીનુ બલ્ડ સુગર લેવલ રાતથી ઘડી રહ્યુ હતુ.

# અફઘાનિસ્તાને ઈતિહાસ રચ્યો : સેમિફાઈનલમાં પહોંચ્યું





બાંગ્લાદેશ હારતા ઓસ્ટ્રેલિયા ઘરભેગું થયું; અફઘાન ટીમે ૮ રને રોમાંચક મેચ જીતી

નવીદિલ્હી : આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ના સુપર-૮ તબક્કાની છેલ્લી મેચમાં અફઘાનિસ્તાને બાંગ્લાદેશને ૮ રનથી હરાવ્યું છે. આ સાથે જ અફઘાનિસ્તાને ઈતિહાસ રચી દીધો છે. ટીમે પહેલીવાર કોઈ આઈસીસી ટુર્નામેન્ટમાં સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે. બાંગ્લાદેશ હારતા ઓસ્ટ્રેલિયા બહાર ફેંકાયું છે.

અફઘાનિસ્તાનની જીત સાથે જ ઓસ્ટ્રેલિયાની સેમિફાઈનલમાં પહોંચવાની આશા ખતમ થઈ ગઈ છે. સુપર-૮ની ૩ મેચમાં ઓસ્ટ્રેલિયાએ માત્ર એક જ જીત મેળવી છે અને તેના ૨ પોઈન્ટ છે. અફઘાનિસ્તાને ૨ મેચ જીતીને ૪ પોઈન્ટ સાથે સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. હવે ૨૭ જૂને ત્રિનિદાદમાં સવારે ૬ વાગ્યે સેમિફાઈનલમાં અફઘાનિસ્તાન સાઉથ આફ્રિકા સામે ટકરાશે.

અનુસંધાન પાના નં.૪ પર

## તિકડમ !
– દેવેન વ્યાસ



''નીટ...નીટ'' વાંચીને આબુ અને દીવની યાદ આવી જાય છે !

# વિધાનસભા ચૂંટણીની તૈયારી : કોંગ્રસના શીર્ષ નેતૃત્વએ ૪ રાજયોના નેતાઓ સાથે બેઠકો શરૂ કરી

નવી દિલ્હી : કોંગ્રેસ નેતૃત્વ આજથી ચાર રાજ્યોના નેતાઓ સાથે આગામી ચાર દિવસ સુધી રણનીતિની બેઠક યોજવા જઈ રહ્યું છે. આ ચાર રાજ્યો છે - ઝારખંડ, મહારાષ્ટ્ર, હરિયાણા અને જમ્મુ-કાશ્મીર. જ્યાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સાંસદ રાહુલ ગાંધી આગામી ચાર દિવસ સુધી ચાર રાજ્યોના પાર્ટી નેતાઓ સાથે ચૂંટણી રણનીતિ પર ચર્ચા કરશે.

આ રણનીતિ બેઠક ઝારખંડથી શરૂ થઈ છે. દિલ્હીમાં કોંગ્રેસના મુખ્યાલયમાં ઝારખંડ કોંગ્રેસના નેતાઓ સાથે બેઠક યોજાય હતી. આ પછી ખડગે અને રાહુલ ૨૫ જૂને મહારાષ્ટ્ર, ૨૬ જૂને હરિયાણા અને ૨૭ જૂને જમ્મુ-કાશ્મીરના કોંગ્રેસના નેતાઓ સાથે બેઠક કરશે.

# અમેરીકામાં વધુ એક ગુજરાતીની હત્યા

ન્યુયોર્ક : અમેરીકામાં વધુ એક ગુજરાતીની હત્યાની ઘટના સામે આવી છે. કચરો ફેંકવા જેવી સામાન્ય વાતને લઈને થયેલ હુમલામાં એક ગુજરાતીની હત્યા નિપજી છે. મુળ બીલીમોરાના રહેવાસી ઓકલામ શહેરમાં મોટેલ ચલાવી રહ્યા છે.

# ઓક્ટોબર મહિનામાં જંત્રીના નવા દર જાહેર થઇ જવાની શક્યતા

અમદાવાદ : રાજય સરકારના મહેસૂલ વિભાગે જંત્રીના દરોને વધુ વ્યાવહારિક અને તર્કસંગત બનાવવાની કવાયત પૂર્ણ કરી છે અને આ નવા દરો દિવાળી પહેલાં લાગુ પણ થઇ જાય એવી શક્યતા જોવાઇ રહી છે. ઉલ્લેખનીય છે કે રાજય સરકારે ગત વર્ષે ૧૫ એપ્રિલથી મહિનામાં જ જંત્રીના દર ડબલ કરી નાંખ્યા હતા જેનો રિયલ એસ્ટેટ ઉદ્યોગ તરફથી ભારે વિરોધ થયો હતો, કેમ કે આ ઉદ્યોગના અગ્રણીઓના કહેવા મુજબ જંત્રીના દર તદ્દન બિનતાર્કિક છે.નવી જંત્રીના દરોનો અમલ ક્યારથી શરૂ થશે તે અંગે કંઇ પણ કહેવા મહેસૂલ વિભાગના અધિકારીઓએ હોઠ સીવી લીધા છે, પરંતુ મહેસૂલ વિભાગના ઉચ્ચ સત્તાધારી સૂત્રોએ એમ જરૂર કહ્યું હતું કે આગામી ઓક્ટોબર મહિનામાં નવા દર જાહેર થઇ જવાની શક્યતા છે. ગત વર્ષે એપ્રિલમાં જંત્રીના દર આડેધડ રીતે વધારીને બે ઘણા કરી નાંખ્યા હતા જેના પગલે હવે સરકારે આ દરોને વધુ તર્કસંગત બનાવવાનો નિર્ણય કર્યો છે. તેમ ગુજરાત સમયનો અહેવાલ જણાવે છે.

પહેલાં સરકાર જાહેર પ્રજાની જાણકારી માટે નવા દર જાહેર કરશે અને ત્યારબાદ તેઓના વાંધા-વિરોધ અને સૂચનો માટે તેઓને એક મહિનાનો સમય આપવામાં આવશે, ત્યારબાદ જ નવા દરો અમલમાં આવશે એમ સૂત્રોએ કહ્યું હતું. રાજયના જુદા જુદા જિલ્લાઓ અને શહેરોની જંત્રીના દરોનો અભ્યાસ કરવા રાજય સ્તરે કવાયત હાથ ધરવામાં આવી હતી. આ કવાયત દરમ્યાન જાણવા મળ્યું હતું કે અનેક જિલ્લાઓમાં અને શહેરોમાં આ દરોમાં વધુ પ્રમાણમાં ક્ષતિઓ અને ત્રુટિઓ રહી ગઇ હતી. બી અને સી કેટેગરી હેઠળ ઘણી જગ્યાએ તો વિસ્તાર ખુબ સારી રીતે વિકાસ પામ્યો હોવા છતાં જંત્રીના દરો ઘણા ઓછા હતા, જયારે ઘણી જગ્યાએ વિસ્તાર સહેજપણ વિકાસ પામ્યો ના હોવા છતાં જંત્રીના દરો ઘણા ઉંચા હતા.આ જંત્રીના દરોમાં અમદાવાદમાં પ્રવર્તમાન હાલના દરોમાં મોટો ફેરફાર

અનુસંધાન પાના નં.૪ પર

**જાગો ગાંધીધામ-આદિપુરવાસીઓ જાગો : જાગો સીંધીજનો જાગો : જાગો SRCના શેરહોલ્ડર્સ જાગો..!**

# આવામાં સંકુલના આધસ્થાપક ભાઈપ્રતાપજીની આત્મા રડે નહી તો શું કરે? ગાંધીસમાધિ પણ અંધકારમય : બની બેઠેલા નેતાઓના કેમ ન લેવાય ઉધડાં ?

**ભારતની આઝાદીના શિલ્પી, દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધિ દેશમાં બે જ સ્થળો છે, તેમાંથી એક આદિપુર ખાતે બનાવાયેલ છે, તેને ભવ્ય-સુંદર-નયમરમ્ય બનાવવાના દાવાઓ કરાયા છે તે વચ્ચે જ આ સમાધિ સ્થળ પાછલા અમુક દિવસથી બની ગયુ છે અંધકારમય, આસપાસમાં પણ ગંદકીના ખડકાયા છે ગંજ, એ જ રીતે ગાંધીધામસંકુલના આધસ્થાપક-વિકાસ સ્વપ્નદ્રષ્ટા પુ. ભાઈ પ્રતાપજીની સમાધિ સ્થળની પણ છે એ જ અવસ્થા : જાગૃત નાગરીકે સોશ્યલ મીડીયામાં વીડીયો વાયરલ કરી અને આ બન્ને પ્રવિત્ર સમાધિસ્થળોની દુદર્શા પાછળ એસઆરસી જેવી મહાનસંસ્થાના અમુક બની બેઠેલા ડાયરેક્ટરના પુછાણા લેવાની કરી ટકોર : આ બન્ને પ્રવિત્ર સ્થળને અંધારામાં ગરક રાખી અને તેની આસપાસમાં અસામાજીક્તત્વો કે પ્રવૃતીઓ કરનારાઓને પણ મોકળુ મેદાન મળી જશે તે પણ ન ભુલવુ ઘટે**

**રાષ્ટ્રની આઝાદીમાં જાગૃતીની મશાલ જગાવનાર અને અમુલ્ય યોગદાન આપનાર પુ. મહાત્મા ગાંધીજીની આદિપુર સ્થિત ગાંધી સમાધિ જ અંધકારમાં ગરક ? આવુ કેમ? કોની લાપરવાહી છે તેની પાછળ? લાઈટ અહી ન રહેવા પાછળનુ કારણ શું? એ જ રીતે ગાંધીધામ સંકુલના શીલ્પી પુ. ભાઈપ્રતાપજીની સમાધી આસપાસ પણ ફેલાયેલો છે ઘોર અંધારૂ : આ બન્ને સ્થળોને ભવ્ય અને આધુનિક બનાવાયાના દાવા કરનારાઓ આ સમયે કયાં ગયા? કોણે આ સમાધી બનાવડાવી? કોણે તેના બીલો મંજુર કર્યા? કેમ આ બન્ને સમાધી સ્થળના હિસાબ-કિતાબ જવાબદારોથી લેવામા આવતા નથી? સૌ કોઈએ આ બાબતે આગળ આવી અને લાપરવાહ રહેનારાઓ બેદરકારોના કાન આમળવા જ ઘટે..!, કહી દેવુ જોઈએ કે, દાદા હવે તમારા દિવસો પુરા થયા, રાજીનામા આપી દયો અને ઘરે બેસી જાવ**

**ખોટલે મોટી ખોટ : આ સંકુલ સીંધી સમુદાયનો મુલક છે, ગાંધીધામ-આદિપુર-કંડલા સીંધી સમાજના પ્રભુત્વ વાળો વિસ્તાર છે, અને અહી જ પુ. ભાઈપ્રતાપજીની સમાધી સ્થળ પર લાઈટો બંધ પડી છે, દાદી નિર્મલા ગજવાણીના નામની ઘડિયાળના કાંટા લાંબા સમયથી બંધ જ થઈ ગયા છે, કોઈ જ જોવા વાળુ નથીઃ ગાંધી સમાધિ પણ અંધારામાં છે ગરક : કેવી કમનશીબી કે કમભાગ્ય કહેવાય..! આ બધાયની પાછળ સંચાલન કરનારા તો નિષ્કાળજી દાખવી જ રહ્યા છે પરંતુ જે સમુદાયનો પ્રભાવીત વિસતાર છે તેવા સીંધીજન પણ કયાંકય આવા વિષયો પણ ખુલ્લીને આગળ આવતા નથી દેખાતા?**

## શાબાશ છે શ્રી સોદાગરને..કે જેને ૨૫ કરોડની નોટીસનો પણ ભય ન લાગ્યો..!

ગાંધીધામ : કચ્છ નહી ગુજરાતભરમાં પ્રતિષ્ઠીત એવી મહાન સંસ્થા એસઆરસીના વહીવટમાં છીંડાઓ કરનારા અમુક બની બેઠેલાઓ સામે હવે અવાઝ ઉઠવાના શરૂ થઈ ગયા છે. તેનો દાખલો અહીના એક જાગૃત શેરહોલ્ડર દ્વારા વીડીયો વાયરલ કરીને સર્જેલા સવાલો બની રહ્યા છે અને તેથી જ હવે પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, શાબાશ છે શેરહોલ્ડર સોદાગરને. સોદાગરે પોતાની હિમંત તો દેખાડી અને અહીના અમુક બની બેઠેલાઓને ખુલ્લો પડકાર પણ ફેકી દીધો છે. ખરેખર આ સોદાગરની હિમંતને અભિનંદન આપવા જ ઘટે.

પ્રબુદ્ધવર્ગ તો એમ પણ કહે છે કે, આ સોદાગરને શાબાશી આપીએ એટલી ઓછી છે. તેણે જે રીતે અને જેની સામે અવાજ ઉઠાવ્યો છે તેઓ તરફથી ૨૫ કરોડોની નોટીસનો પણ ભય આ સોદાગરજીએ બાજુ પર જ મુકી દીધો અને સંકુલની મહાન વિભુતિઓના પવિત્ર સ્થાનકો બાબતે બુલંદીથી અવાજ ઉઠાવી દેખાડયો છે. ખરેખર હવે અન્ય લોકોએ પણ આ રીતે જાગૃતી દાખવવી જોઈએ.

## જે કરે છે એ ભોગવશે : આવુ સંકુલના કયા પરોપકારી સીંધી અગ્રણીએ બની બેઠેલાઓ માટે તાજેતરમાં જ કહ્યું...!

**વર્તમાન સમયે ઓડીટી કરી રહેલા હાર્દિકભાઈ ઠક્કર ગાંધીધામ સમાધીના ૫૦ લાખના ખર્ચા અંગેની વાતને પણ ઓડીટમાં લે : તો કોનટ્રાકટવાળા અમુક બની બેઠલા એન્જીનીયરના પણ તપેલા ચડી જાય**

ગાંધીધામ : આ અંગે જ પ્રબુદ્ધવર્ગ વધુમાં કહી રહ્યો છે કે, ગયા વરસે જ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગે આદીપુર સીંધી સમાજને હેરટીજ સાઈટ તરીકે માન્યતા આપી છે. વીતેલા મે મહિનામાં ઈન્ડીયન પોર્ટ એસોસીએશનનો વાર્ષિક સેમિનાર આ વખતે ડીપીએ-કંડલા ખાતે યોજાયો હતો. અને ત્યારે પોર્ટ શીપીંગ સાથે સંકળાયેલા કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓ સહ પરીવાર આ સમાધિની મુલાકાતે પધારેલ હતા. અને ત્યારે એક ડાયરેકટરશ્રીએ આ સમાધીના સમારકામ પાછળ એસઆરસી જેવી મહાનસંસ્થાએ તાજેતરમાં જ ૫૦ લાખ રૂપીયાનો ખર્ચ કરેલ છે તેવી માહીતીઓ આપેલ હતી. આ વાતની શહેરના એકબુઝર્ગ સીંધી અગ્રણી ઉદ્યોગપતિશ્રી જે જાણીતા લોકઉપયોગી-સામાજીક-માનવતાવાદી કાર્યો માટે આર્થિક બળ પુરૂ પાડે છે એમણે મિત્રવર્તુળમાં કહેલ કે મે, ગાંધી સમાધી માટે ૫૦ લાખ રૂપીયાના ખર્ચવાળી વાત સાંભળી છે, અને હું જાતે ગાંધી સમાધી જોવા ગયેલ તો મને ૧૫થી ૨૦ લાખના ખર્ચવાળો કામ પણ થયેલ જોવા મળી આવેલ ન હોતુ. એટલે તેમના એક રમુજી વૃતી વાળા મિત્રએ જવાબ આપ્યો કે, તે દીવસે તમને અમુક ડાયરેકટર મિત્રોના ઘરોની પણ મુલાકાત લઈ લેવી જોઈતી હતી. તો બાકીના ખર્ચનો કયાં થયેલ તે સાજ-સજજા રૂપમાં જોવા મળી જાત. આટલુ સાંભળી અને બુર્ઝગ અગ્રણી ઉભા થઈ ગયેલ અને જે કરે છે એ ભોગવશે એટલુ કહીને વિદાય લીધી હતી.હાલમાં ચાલી રહેલી ઓડીટવાળા હાર્દીકભાઈ ઠકકર આ વિષયની ઓડીટ પણ ખેરખર રોબસ્ટમ મેનરમા કરે. તો કોન્ટ્રાકટવાળાવાળા એન્જીનીયરના તપેલા પણ ચડી જાય.

## અમુક બની બેઠેલાઓની ઘરનું કરવુ જોઈએ સર્ચ, નથી નોકરી કરી- કે નથી ધંધા! તો પછી ઘર ચલાવ્યા છે કેમ ?

ગાંધીધામ : ગાંધીધમ શહેરમાં એક જાગૃત નાગરીક દ્વારા વીડીયો વાયરલ કરી અને ગાંધી સમાધી તથા પુ. ભાઈપ્રતાપજીના સમાધી સ્થળો બાબતે રખાતી નિષ્કાળજીને લઈને સવાલો ઉઠાવવા ઉપરાંત તેના નિર્માણના પણ ખર્ચાના હિસાબ-કિતાબ લેવાની ટકોર કરવા ઉપરાંત કહ્યુ છે કે, તેનતી પાછળઅમુક બની બેઠેલાઓની ભુમિકાઓ ચકાસવી જરૂરી છે. તેઓના ઘરની તપાસ કરવી જોઈએ. આવા બની બેઠેલાઓ કયારે કયાય નોકરી નથી કરી કે નથી કોઈ વ્યવસ્થિત ધંધા રોજગાર કર્યા. તો પછી વરસોથી આવા બની બેઠેલાઓ પોતાના ઘરના ગુજરાન ચલાવે છે કેમ? આડકતરી રીતે એસઆરી જેવી મહાનસંસ્થાના અમુક બની બેઠેલાઓની સામે આ જાગૃત નાગરીક દ્વારા ભ્રષ્ટાચારનો અંગુલીનિર્દેશ પણ કર્યો હોય તેમ શોશ્યલ મીડીયામાં વહેતા વીડીયોની વિગતો સાંભળતાકહી શકાય છે. એટલુ જ નહી પણ આવા પવિત્ર સ્થળોના નિર્માણમાં પણ જો કોઈ ભ્રષ્ટાચરા કર્યો હોય તો તેમાં સહી કર્તા લપરવાહોની જવાબદારી ફીટ કરવી જોઈએ, જરૂર પડે તો તેમની મીલ્કત પણ જપ્ત કરવા સહિતની કાર્યવાહીની માંગ પણ અહી કરવામાં આવી છે.

## ચેરપર્સનશ્રી અરૂણાબેન આ બન્ને વીડિયોઝ ન જુવે તો સારૂ..!

ગાંધીધામ : આદિપુર સ્થિતી અમુક બની બેઠેલા બુદ્ધીમાન ડાયરેકટર સંસ્થાના ચેરમેન તેમના પુ. પિતાની સમાધી સાથે શુ ગેરવર્તન કરી રહ્યા છે, તે જાણીને એમને ચોકકસથી દુઃખ પહોચશે એટલે આ બન્ને વીડીયો તરફ તેઓ દ્રષ્ટીગોચર ન કરે તેવુ પણ સંકુલના પ્રબુદ્ધવર્ગમાથી કહેવામા આવી રહ્યું છે.

ગાંધીધામ : આધુનિક ગાંધીધામના શિલ્પી, આદ્યસ્થાપક પુ. ભાઈપ્રતાપજી તથા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના પવિત્ર સ્થાનકો આ સંકુલમાં આવેલા છે. લોકો અહી વધુને વધુ આવે, આ બન્ને મહાનુભાવોના જીવન-કવનમાથી મહત્તમ પ્રેરણા લઈ અને રાષ્ટ્ર ઉત્થાનમાં સહયોગી બને, આ બન્નેના સમાધિ સ્થળો ભાવિ પેઢીને નવી ક્રાંતીકારી દીશા-દોરી આપતા રહે તેવા ઉમદા ઉદેશ્ય સાથે બનાવાયા છે પરંતુ હાલમાં આ બન્ને સ્થળોમાં અંધકારમય અવસ્થામાં છે, આસપાસમાં ગંદકીના ગંજ ખડકાયેલા હોવાનો બળાપો સંકુલના એક જાગૃત નાગરીક શ્રી સોદાગરએ ઠાલવ્યો છે ત્યારે સંકુલનો પ્રબુદ્ધવર્ગ પણ કહી રહ્યો છે કે, આ વાસ્તવિકતા હોય તો આધુનિક ગાંધીધામના સ્વપ્રાદ્રષ્ટ પુ.ભાઈપ્રતાપજીની આત્મા આજે રડે નહી તો બીજું શું કરે? તેવા સવાલો પણ ઉભા કરવામાં આવી રહ્યા છે.

આ બાબતે જાગૃત નાગરીક દ્વારા રાત્રીના આઠ વાગ્યાના સમયે તાજેતરમાં જ આ બન્ને પવિત્ર સ્થળોના વીડીયો ઉતારી અને સોશ્યલ મીડીયા પર વહેતા કર્યા છે અને તેમાં ગાંધીધામ-આદિપુર સંકુલના લોકો, શેરહોલ્ડર્સ તથા સીંધી સમુદાયના લોકોને પણ આગળ આવવા અને આ રીતે આવા પવિત્ર સ્થળોને અંધારામાં ગરક કરી દેનારા તથા તે બાબતે તદન ઉદાશીનતા સેવનારા કોણ છે? તેને ઓળખી અને તેમના કાન આમળવા તથા બન્ને મહાન વિભુતીઓના સ્થાનકો બાબતે દુર્લક્ષ સેવનારાઓના પુછાણાઓ લેવા માટેનો પણ આગ્રહ-અનુરોધ કરી રહ્યા છે. વાત સહેજ વીગતે કરીએ તો ગાંધીધામ-આદિપુર સંકુલમાં પુ.ભાઈપ્રતાપજી હોય કે પુ. મહાત્મા ગાંધીજી બન્નેના પવિત્ર સમાધી સ્થળો આવેલા છે. આ બન્ને મહાનહસ્તીઓની મહત્વતા આખાય સંકુલ અને દેશ-વિદેશમાં વસતા સંકુલવાસીઓ માટે પણ પુજનીય અને મહત્વની જ રહેલી છે. ગાંધીધામમાં ગાંધી સમાધી હોય કે પછી પુ. ભાઈપ્રતાપજીની સમાધિ સ્થળ તે બન્નેને બનાવવા અને તેને વધારે સારી રીતે વિકસાવવા પાછળનુ કારણ જ એ હોઈ શકે કે, અહી આવનારા લોકો આ બન્ને મહાન વિભુતીઓના જીવન-કવનમાથી પ્રેરણા મેળવે અને તેમના અધુરા રહી ગયેલા કાર્યો-સ્વપ્નાઓને આગળ ધપાવે. હવે જયારે આ બન્ને મહાન વિભુતીઓના સમાધિ સ્થળ જ અંધકારમાં ગરક થયેલા હોય, રાત્રીના આઠ વાગ્યના સમયે અહી કાળો ડીબાંગ માહોલ છવાયેલો હોય તો આ બન્ને પવિત્ર સ્થળોની મહત્વતા, સલામતી, અહી આવનારા પ્રવાસીઓ કે અનુયાયીઓ કે સામાન્ય લોકોની પણ સુરક્ષા-સલામતી કેટલી રહે? એથી પણ વિશેષ આવા ઘોર અંધકારમય માહોલમાં અહી આવનારો વર્ગ આખાય આ પવિત્ર સમાધિસ્થળની શું મુલાકાત લેશે? તેમાથી શું જાણશે અને શું બોધપાઠ લેશે? આક્રોશ સાથે જાગૃત નાગરીક કહી રહ્યા છે કે, વિચાર તો કરો, ગાંધીધામ-આદિપુર સંકુલ સીંધી સમુદાયના પ્રભુત્વ વાળો વિસ્તાર ઓળખાય છે. આ સીંધીનો મુલક છે. અને તે ભારત-પાકના ભાગલા બાદ પુ. ભાઈપ્રતાપજીએ જ ન માત્ર વસાવ્યુ બલ્કે તેમની જ વરસો પહેલાની આગવી કોઠાસુજ અને દીર્ધદ્રષ્ટીભરી આવડત-વિઝનથી જ આજે આધુનીક ગાંધીધામ આપણે સો જાણી-માણી રહ્યા છીએ. હવે આ સંકુલની કમનશીબી કહીએ કે કમભાવ્ય કે, આવી મહાન વિરલ વિભુતીનું જ સમાધિસ્થળ સંકુલમાં

## યુસીસી એસો.ના સ્થાનિકના ઓડીટર્સ હાર્દીક ભાઈ ઠક્કર ગોર ફરમાવે : આ ફરીયાદ- સમગ્ર પ્રકરણ દિલ્હીમાં નવી રચાયેલી કેન્દ્રીય સરકારના મંત્રી શ્રી ચીરાગ પાસવાન સુધી કેન્દ્ર સરકારની મધ્યસ્થી તથા ઉંડી તપાસ માટે મોકલવામાં આવેલ છે, એટલે ગંભીરતા દાખવી છે જરૂરી

આવેલ છે અને તે અંધકારમાં ગરક થવાપામી ગયુ છે. કેમ અહી આવુ બન્યુ છે? કોણ તેની પાછળ જવાબદાર છે? આ પવિત્ર સ્થળનું સંચાલન કોણ કરી રહ્યુ છે? કેમ અહી વીજળી કલાકો સુધી બંધ પડી રહી છે? શું બીલો નથી ભરવામા આવતા? બીલો નથી ભરાતા તો પછી તે રકમો જાય છે કયાં? જાગૃત નાગરીકે વીડીયોમાં આક્રોશ સાથે કહ્યુ છે કે, આવા પવિત્ર સમાધી સ્થળના નામે તેનું સંચાલન કરનારા એસઆરસી જેવી મહાન સંસ્થામાં અમુક બની બેઠેલાઓની તો કોઈ ગુનાહિત લાપરવાહી નથી ને? ખરેખર શેરહોલ્ડર્સ, સીંધી લોકો, અને સંકુલની આમપ્રજાએ આ બાબતે આગળ આવવુ જોઈએ અને અહી આવા બની બેઠેલાઓના કાન આમળવા ઘટે.

આ તમામે એસઆરસી જેવી મહાન સંસ્થાના અમુક બની બેઠેલા ભ્રષ્ટ સભ્યોને કહી દેવુ જોઈએ કે, દાદા હવે તમારા દીવસો પુરા થયા, રાજીનામા આપી દયો અને ઘરે બેસી જાવ. સીંધી સમુદાયે પણ એક થવાની જરૂર છે અને ભાઈ પ્રતાપજીના ગાંધીધામ સંકુલ માટેના યોગદાનને યાદ કરી અને તેમના જ પવિત્ર એવા આ સમાધી સ્થળની દુદર્શા કરનારા અને તેની પાછળ સંચાલનમાં નિષ્કાળજી દાખવનારાઓને ઓળખી લેવા જોઈએ. કહેવાય છે કે, આવા અમુક બની બેઠેલાઓ વૃદ્ધ અવસ્થામાં પણ હજુય ખુરશીનો મોહ તો નથી જ મુકતા પરંતુ સાથોસાથ જ કોઈને કોઈના નામે ખુદના જ ગજવા ગરમ કરી રહ્યા હોવાનુ ચર્ચાય છે. જો આ હકીકત જ હોય તો સીંધી સમુદાયે આવા તત્વો કોણ છે? તેને ખુલ્લા પાડવા જ ઘટે.

ન માત્ર પુ.ભાઈપ્રતાપજી બલ્કે દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પણ દેશમાં માત્ર બે જ સમાધિ સ્થળ છે તે પૈકીનું એક આદિપુરમાં બનાવાયેલ છે તેની પણ એ જ દુદર્શા સોશ્યલ મીડીયામાં વાયરલ કરાયેલા વીડીયોમાં જણાઈ આવી રહી છે. આ પણ પવિત્ર સ્થળ અંધારામાં જ ગરક બની ગયુ છે. આ સ્થળની તો આજુબાજુમાં કચરાના પણ ગંજ મોટા મોટા ખડકાયેલા પડયા છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતાનું સુત્ર આખાય દેશ-દુનીયાને જેઓએ આપ્યુ હતુ તે મહાત્મા ગાંધીની સ્મૃતીમાં જ બનાવાયેલ ગાંધી સમાધિ સ્થળ જ કચરાઓ અને ગંદકીથી ઘેરાયલુ પડયુ હોય તો પછી બીજું તો અહી કહેવુ જ શું ઘટે? ખરેખર પુ. ભાઈપ્રતાપજીની સમાધી સ્થળ હોય કે પછી ગાંધી સમાધિ સ્થળ, તેની પાછળ લાપરવાહી છે કોની? આ બન્ને સ્થળો બનાવ્યા છે કોણે? સંચાલન કોણ કરી રહ્યુ છે? આ સ્થળોને બનાવવા માટે કેટલાનો ખર્ચ કરવામા આવ્યો છે? શેના શેના પેટે શું ખર્ચ કરાયો છે? જાળવણી-મેઈન્ટેનન્સની શું વ્યવસ્થાઓ કરાઈ હતી? કોણે તે જવાબદારીનું વહન કરવાનુ થાય છે? કોણ મોનીટરીંગ કરી રહ્યુ છે? હકીકતમાં તો જે ખર્ચ કરાયા છે તે સહિતના મામલે હિસાબ કિતા લેવા જોઈએ. એટલુ માત્ર જ નહી પરંતુ આ રીતે થયેલા કામોવાળા સ્થળોના બીલો કેવી રીતે મંજુર કરાઈ ગયા છે? કોણે મંજુર કર્યા છે? કોની સહીઓ તેમાં બોલી રહી છે? ઉચ્ચસ્તરેથી હકીકતમાં આ અંગે પુછાણાઓ કરવાની પણ માંગ સોશ્યલ મીડીયામાં ફરેલા વીડીયોમાં કરવામાં આવી છે. સીંધી સમુદાયના મુલક ગાંધીધામ સંકુલમાં પુ. ભાઈપ્રતાપજીની સમાધી સ્થળ, દાદી નિર્મલા ગજવાનીની સ્મૃતીમાં બનેલી ઘડીયાળ અને ગાંધી સમાધી જેવા પવિત્ર સ્થળો મામલે એક યા બીજીરીતે દુર્લક્ષ સેવવામા આવતુ હોય તો એ કેવી રીતે ચલાવી લેવાય? સંકુલના સમર્પિત સીંધી આગેવાનો આગ આવે, અને આ પ્રકારની ગંભીર લાપરવાહી રાખનારાઓને ઉઘાડા પાડે તે જ સમયનો તકાજો બની રહ્યો હોવાનુ પ્રબુદ્ધવર્ગમા ચર્ચાવવા પામી રહ્યુ છે.

## મને પોલીસ પકડી જ ન શકે, હું સંઘનો માણસ છું.! સંઘના નામે શેખી મારતો ગદ્દાર અરીસામાં મો જુએ..!

**સંઘનો માણસ છો તો પછી આજથી ૮-૯ વર્ષ પહેલા સંઘ પ્રેરિત ભાજપની સામે ચૂંટણીઓમાં રાજકીય પક્ષની સ્થાપના કરી અને ૧૫થી વધુ બેઠકો પર ઉમેદવારો કોણે ઉભા રાખ્યા હતા? સંઘની ભગીની સંસ્થા ભાજપની સામે ચૂંટણીમાં કારમી હારનો પછડાટ આ ગદ્દાર ભુલી ગયો છે કે શું?**

**સંઘની મુખ્ય સંસ્થા ભારતીય જનતા પાર્ટીને ચૂંટણીમાં પડકાર આપનારને શું સંઘ ભુલી જાય ખરો?**

મને પોલીસ પકડી જ ન શકે, મારી પુછતાછ કરી જ ન શકે, આવા **ફાંકાખોરી કરનાર ગદ્દારને કોઈક પુછો તો ખરા,** કે **સંઘે પોલીસને આવો કોઈ પત્ર લખ્યો છે ખરો,** કે ગદ્દાર સંઘનો માણસ છે, તેની પુછતાછ કરતા જ નહી...! **હાલી શું નીકળ્યો છે આ વાંજીયો ગદ્દાર..!**

**હવે જયારે વિવિધ એજન્સીઓ તરફથી ભીંસ વધી છે, ત્યારે સંઘનું શરણું શોધવા કોણ દોડાદોડ કરી રહ્યુ છે..! તે તો સૌ કોઈ જાણે છે, અને સંઘ જેવી પ્રતિષ્ઠીત સંસ્થાઓ આવા ગદ્દારને શરણુ તો શું જરા સહેજ પણ આવકાર ન આપે તે પણ સર્વવિદિત છે..!**

**સંઘમાં તો દેશ માટે ફના: થઈ જાય તેવા રાષ્ટ્રભક્તો હોય છે,** સંઘ સમર્પિત મોભીઓને કયારે પણ કોઈ જાતની **રાજકીય લોલુપતા** કે ભુખ હોતી જ નથી, **આ ગદ્દારે તો મહત્વપૂર્ણ સંસ્થાઓમાં લુંટફાંટ કરવા સિવાય કર્યુ જ છે શું?** : સંકુલની સારી-સારી સંસ્થાઓમાં પણ કંકાસ-કકળાટ કરાવી પ્રતિષ્ઠીત લોકોના કાંટા જ કાઢયા છે, ધાર્મિક સંસ્થામાં પણ સારા લોકોને આ ગદ્દારે પોતાના **ટટ્ટુ પીઠું-મીઠું** જેવાઓને હાથ્થા બનાવીને દુર જ કર્યા છે : સમાજ અને **આવી સંસ્થાઓ પણ ગદ્દારને હવે સહયોગ-મદદ કરવાથી દુર જ રહે,** અત્યાર સુધી આ ગદ્દારે સમાજને આપ્યું છે શું? સમાજના નામે નવા નવા લેટરપેડે બનાવી અને હમેશા ચરી જ ખાધું છે આ ગદ્દારે...

ગાંધીધામ : જાનમાં કોઈ જાણે નહી અને હું લાડાની ફઈ બનવાની આદતવાળો આ ગદ્દાર હવે એક નવી શેખી મારતો ફરી રહ્યો છે. મહાનસંસ્થામાં આચરેલી ગેરરીતીઓ થકી હવે અલગ અલગ એજન્સીઓની તપાસના રેલા આ ગદ્દારના પગ નીચે આવતા હવે તેનો ચેણો પલળવા લાગ્યો હોવાની અવસ્થામાં આવી ગોય છે અને આડેધડ સેખીઓ મારી અને એલબેલ ફાંકાખોરીઓ પણ કરતો ફરી રહ્યો છે. મહાનસંસ્થામાં આ ગદ્દારે આચરેલા કુકર્મોનો હિસાબ આપવાનો સમય આવી ગયો છે. હવે તેનો પાપનો ઘડો ભરાવવાની આરે છે અને ફુંટવાની તૈયારીમાં છે ત્યારે વિવિધ એજન્સીઓ તપાસ અને પુછાણાઓ લેતી હોવાથી હુ તો સંઘનો માણસ છુ, મારી પોલીસ તપાસ ન કરી શકે, મને પકડી ન શકે,ની નવી શેખી મરવાનુ ચાલુ કરી દીધુ છે. પરંતુ જાણકારો કહે છે કે સંઘના નામે શેખી મારતો આ ગદ્દાર અરીસામાં મો જુએ. સૌ પ્રથમ સવાલ તો અહી એ જ થાય છે કે, જો આ ગદ્દાર સંઘનો માણસ હોય તો સંઘ પ્રેરિત સોથી મોટી રાજકીય સંસ્થા-પક્ષ ભાજપને ભ્રબ્ટાચારના મુદ્દે પડકાર આપી અને તેની સામે આજથી આઠેક વર્ષ પહેલા એક રાજકીય પક્ષ બનાવી અને તેમાં ભાજપના જ ઉમેદવારોની સામે ૧૫ જેટલી બેઠકો પર લડત આ ગદ્દાર ન લડયો હોત. એટલુ માત્ર નહી પંરતુ તે વખતે એ ચુંટણીમાં ગદ્દારે રચેલા નવા પક્ષના ઉમેદવારની કારમી હાર પણ થવા પામી ગઈ હતી. હવે ભાજપ એ સંઘની ભગીની સૌથીમોટી સંસ્થા છે તે આખીય દુનીયા જાણે છે. જો સંઘની સંસ્થાની સામે ચુંટણી મેદાનમાં પોતાનો પક્ષ રચીને લડત આપતો હોય અને તેમાં પણ ભ્રષટાચારને મુદો બનાવીને પ્રહારો કરીચૂકયો હોય તે સંઘનો માણસ હોય જ કેવી રીતે? આ ઉપરાંત હાલમાં એ કહેતો ફરી રહ્યો છે કે, મને પોલીસ ન પકડી શકે, હું સંઘનો માણસ છુ. તો શું સંઘે આ ગદ્દારને કોઈ એવો પત્ર લખીને આપ્યો છે અથવા તો પોલીસને એવી કોઈ સુચના આપી છે ખરી, કે આ અમારો માણસ છે, ગમે તેટલુ ખોટુ કરે, તેને પકડવાને નહી. જાણકારો કહે છે કે, હાલી શું નીકળ્યો છો, વાંજીયા ગદ્દાર, અન્યને સંઘના શરણ લેવાનુ કહેનાર પહેલા અરીસામાં તું મોઢું ધોઈ લે અને હવે જયારે તારા દીવસો પુરા થવા અવી રહ્યા છે, ગમે તે ઘડીએ કાળકોઠડીના મહેમાન બનવાનો વારો અવી જાય તેમ છે, તેવા સમયે હવે સંઘના નામનો દુરઉપયોગ કોણ કરી રહ્યુ છે? સંઘના નામે કોણ ફરીથી ચરી રહ્યુ છે...? એ જરા તારી જાતને પુછી લે..!

## રાવણ(ગદ્દાર)તુ.તો ગયો.! ડુબતી લંકાને હવે વિભીષણ જ બચાવશે

## વાંજીયા, ગદ્દારે એટલુ તો કબલ્યુ, કે અહી રાવણ-રાજ ચાલે છે..! : જયા રાવણ (ગદ્દાર)હોય ત્યાં વીભીષણો પણ જન્મે જ જન્મે..!

**વિનાશ કાળે વિપરિત બુદ્ધી : દિવો ઓલાવવાનો થાય એટલે વધુ ફળફળે...! એક પગ જેનો નર્ક**માં પહોચી ચૂકયો છે, **ચાલતાં ચાલતા જેના ચેણાંઓ બગડી જાય**, ઉતરી જાય છે, તેવા વાંજીયા ગદ્દારને ખુદે કરેલા કુકર્મો થકી હવે આવી રહેલા ખતરાઓની પડી **ફા...ડ** : **મીઠું જેવા ટટ્ટુ પીઠુઓના જોરે ગદ્દારે હવાતીયા મારવાના કર્યા શરૂ**

ગાંધીધામ : જાનમાં કોઈ જાણે નહી અને હું લાડાની ફઈ બની ફરતો ગદ્દાર શખ્સની મલિન રીતીનીતીઓ ફરીથી સંકુલમાં હોટટોપીક બની જવા પામી છે. **ટાઈગર અબ મર રહાં હે.**નો તાલ થતો હોવાનુ જાણી ગયો હોય તેમ આ ગદ્દાર ઓલાતા દીવાની અવસ્થામાં હોય તેમ વધુ ફળફળી રહ્યો હોય તેવુ જાણકારો કહી જોઈ રહ્યા છે. એક પછી એક સંકુલના જાગૃત લોકો હવે આ ગદ્દારની સામે ખુલ્લીને બંડ પોકારવાનુ શરૂ કરી ચુકયા છે અને તેને સંકુલની જાગૃત થતી પ્રજા પણ ભરપેટ વખાણ કરી રહી છે. આવામાં વધારે ભુરાંટીયો થઈ ગયેલ આ ગદ્દાર રહી સહી મતી-બુદ્ધી ગુમાવી ચૂકયો હોય તેમ વર્તતો જોવાઈ રહ્યો છે. જાણકારો આ ગદ્દારને કહી રહ્યા છે કે, રાવણ ગદ્દાર તુ તો હવે ગયો.તારા ભ્રષ્ટ કારનામાઓથી ડુબતી આ લંકાને હવે વિભીષણ જ બચાવશે. અને જાણકારો તો એમ પણ કહે છે કે, જયા રાવણ હોય ત્યાં વિભીષણ તો પેદા થવાના જ છે. વિચાર તો કરો આ ગદ્દારે(રાવણે)પોતાના પાપ છુપાવવા માટે બીજા કોઈ નહી અને મળી મળીને મીઠું જેવો ટટુ જ મળ્યા. તેનો ધંધો રોજગાર છે શુ? તે ફકત આવા રાવણ(ગદ્દાર)જેવાના પીઠુ જ છે. લોકો તો એમ પણ કહી રહ્યા છે કે, ગદ્દારે અન્ય સાથેની વીભીષણનું વિશેષણ આપીને એટલુ તો કબુલ્યુ કે તે ખુદ રાવણ જ છે. અને તે અહી રાવણ રાજ જ ચલાવી રહ્યો છે. તો હવે આ ગદ્દાર ચેતી જાય,અહી અત્યાર સુધી ચાલેલા પાપો હવે નહી ચાલે, તેને ઉજાગર કરવા રોકવા માટે હવે વીભીષણનો જન્મ થવા પામી ગયો છે. રામની સેના પણ લંકાના કિનારે આવી પહોંચી છે. એટલે હવે પછી થશે શું? રાવણનું પતન જ અને રામનું રાજય સ્થપાશે. તથા આ ડુબતી લંકાને બચાવનાર વિભીષણ જ લંકાનો રાજા બનશે તેમાં કોઈ બેમત નથી હવે..!

# ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે અભિયાન નહિ જંગ છેડી છે:ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી



**અભિનેતાઓ, નેતાઓ, સંતો-મહંતો, સામાજિક અગ્રણીઓ, શિક્ષણવિદો, પત્રકારો સહિત તમામ નાગરિકોએ 'એક પરિવાર' બનીને ડ્રગ્સ સામે લડીએ : ડ્રગ્સ પકડવામાં ગુજરાત પોલીસ દેશમાં અવ્વલ ડ્રગ્સના દુષણને નાબૂદ કરવા, જાગૃકતા ફેલાવવા માટે મિડિયા મોટું માધ્યમ- રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય : નાર્કોટિક્સના વડા દીપેન ભદ્રન તેમજ અમદાવાદ અને સુરત શહેર પોલીસ કમિશનરે પોલીસની કામગીરી વિશે પ્રેઝન્ટેશન આપ્યું**

ગાંધીનગર : ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે અભિયાન નહિ જંગ છેડી છે. એમ જણાવીને રાજયના ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી એ જણાવ્યું હતું કે ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ સૌથી પહેલા ડ્રગ્સના દુષણને ડામવા આરપારની લડાઈ લડવા ગૃહ વિભાગને નિર્દેશ આપ્યા હતા.

હર્ષ સંઘવીએ હાકલ કરી કે, સંતો-મહંતો નેતાઓ-અભિનેતાઓ, સામાજિક અગ્રણીઓ, શિક્ષણવિદો, પત્રકારો સહિત તમામ નાગરિકોએ 'એક પરિવાર' બનીને ગુજરાતના યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલથી દૂર રાખવા સહયોગ આપે. ડ્રગ્સ સામેની આ લડાઈ દાનવ સામે માનવની લડાઈ છે. એમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રી એ ઉમેર્યું કે, ડ્રગ્સ સામે ઘૂંટણીયા ટેકવીને વિશ્વના અનેક દેશોએ તેને કાયદેસર કર્યું છે. ભારતના પાડોશી દેશો પણ ભારતમાં ડ્રગ્સ ઘુસાડવા અને નાર્કોટેરેરીઝમને પ્રોત્સાહન આપવા પ્રયાસ કરી રહ્યા છે. કેફી દ્રવ્યોનો વેપાર ઓછી મહેનત અને ઓછા સમયમાં અનેકગણા વધુ રૂપિયા કમાવી આપતો વેપાર છે. પરંતુ ગુજરાત પોલીસ આ કારોબારને જડમૂળથી ઉખાડી ફેંકવા તત્પર છે. જેના પરિણામે ડ્રગ્સ પકડવામાં ગુજરાત પોલીસ દેશમાં અવ્વલ છે. આ અભિયાનમાં જોડાયેલા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને ખબરીઓનો જુસ્સો વધારવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસીની ગુજરાતમાં અમલવારી થઈ રહી છે. આજના અવસરે રાજયપોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું કે, નાર્કોટિક્સ એક્ટ અંગે જે પગલાં લેવાઈ રહ્યા છે તેની જાણકારી મીડિયાના માધ્યમથી નાગરિકો સુધી પહોંચે અને જાગૃતતા વધે તે મુખ્ય ઉદ્દેશ્ય છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા કેફી દ્રવ્યોના દુષણને ડામવા કટિબદ્ધ છે. જેની પ્રતીતિ મીડિયાના માધ્યમથી લોકોને થવી જોઈએ.

આજે મીડિયાનું મહત્વ વધ્યું છે ત્યારે કેફી દ્રવ્યો સામેની લડાઈમાં લોક સહયોગ મળે તે જરૂરી છે. સાથોસાથ કેફી દ્રવ્યોના દુષણને ડામવા માટે ગ્લોબલ ટ્રેન્ડ પણ ધ્યાનમાં રખાયો છે.

આ ઉપરાંત ડ્રગ્સના વિવિધ પ્રકારો, ડ્રગ્સ સપ્લાય ચેઈન, વિવિધ દેશોમાં નેટવર્ક તેમજ ભારતના બંધારણના ડ્રગ્સ વિરોધી કાયદાઓ વિષયક માહિતીસભર પ્રેઝન્ટેશન આપ્યું હતું.

**સોની વેપારીને આપઘાત કરવા માટે કર્યો હતો મજબુર**

# આખરે અંજારમાં કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનાર બંગાળી કારીગર ઝડપાયો



**એલસીબીએ અમદાવાદથી તપન સાહુને ઝડપી લીધો : આજે સાંજે રીમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાશે : જે કામ છ મહિનાથી અંજાર પોલીસ ન કરી શકી તે છ દિવસમાં એલસીબીએ કરી બતાવ્યું**

અંજાર : શહેરમાં સોની વેપારીઓ સાથે કરોડો રૂપિયાની ઠગાઈ કરી ફુલેકું ફેરવીને બંગાળી કારીગર ભાગી ગયો હતો. આર્થીક સંકળામણમાં આવી જતા વેપારીએ આપઘાત કરી લીધો હતો. જે અંગે ફરિયાદ થતા એલસીબીએ અમદાવાદથી કારીગરને ઝડપી લીધો છે. જે કામ અંજાર પોલીસ ન કરી શકી તે કામ એલસીબીએ કરી બતાવ્યું છે.

આ અંગેની વિગતો મુજબ અંજારના સોની વેપારી બંધુઓ મનીષભાઈ અને તેના ભાઈએ બંગાળી કારીગર તપન સાહુને દાગીના બનાવવા માટે સોનુ આપ્યું હતું. વિશ્વાસ કેળવીને તપને બન્ને ભાઈઓને દોઢ કરોડનો ચુનો ચોપડયો હતો. સોનુ મેળવી દાગીના ન બનાવી આપી ઠગાઈ કરવામાં આવી હતી. બંગાળી કારીગર ભાગી જતા ડિસેમ્બર મહિનાથી ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશનના પગથીયા ઘસી નાખ્યા હતા. જે બાદ માર્ચ મહિનામાં ફરિયાદ દાખલ કરાઈ હતી. જો કે ફરિયાદ દાખલ થયા બાદ પણ અંજાર પોલીસે આરોપીને પકડયો નહીં તેની પત્ની અંજારના સોરઠીયા ફળિયામાં રહેતી હતી. ભોગગ્રસ્તો ઘરે ગયા ત્યારે પત્નિ રીનાએ તમારાથી થાય તે કરી લ્યો. સોનુ નહીં મળે તેમ સ્પષ્ટ જણાવી દીધું હતું. દરેક જગ્યાએથી હતાશા મળી અને જીવન મુડીના ૫૩ લાખ લઈ બંગાળી કારીગર ભાગી જતા મનીષભાઈ બુધ્ધભટ્ટીએ રેલવે સ્ટેશને જઈ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. પરિવારજનોના આક્રોશના કારણે આખરે અંજાર પોલીસને ગુનો દાખલ કરવાની ફરજ પડી જેથી બંગાળી કારીગર અને પત્નિ સામે ફરિયાદ દાખલ થઈ અને તે બાદ બે દિવસ રહીને ૩૪ લાખની ઠગાઈની વધુ એક ફરિયાદ નોંધાઈ હતી. આ કેસની તપાસ એસપીએ એલસીબીને સોંપતા એલસીબીના પીઆઈ નારણ ચુડાસમાની ટીમે વર્કઆઉટ કરી બાતમીના આધારે અમદાવાદથી બંગાળી કારીગર ૪૪ વર્ષિય તપન અમુલ સાહુને ઝડપી પાડયો છે. તેની સામે અત્યાર સુધી ૧.૮૯ કરોડની ઠગાઈની ફરિયાદ અંજાર પોલીસમાં નોંધાઈ છે. આરોપી ઝડપાઈ જતા હજુ પણ ભોગગ્રસ્તો આગળ આવે તેવી શક્યતા છે. નવાઈની વાત એ છે કે, છ મહિનાથી અંજાર પોલીસ આ આરોપીને પકડવામાં નિષ્ફળ સાબિત થતા વેપારીને આપઘાત કરવાની ફરજ પડી અને એલસીબીએ છ દિવસમાં જ આરોપીને ઝડપી લીધો છે. જો અંજાર પોલીસે આવી કામગીરી કરી હોત તો આજે પરિવાર બરબાદ થતા બચ્યો હોત તેમ લોકો કહી રહ્યા છે.

## દિલ્હીમાં પરોઢીયે મકાનમાં આગ : દંપતિ અને બે યુવાન પુત્રના મોત

નવી દિલ્હી : દિલ્હીના પ્રેમનગર વિસ્તારમાં એક મકાનમાં આગ લાગવાથી ચાર લોકોના શ્વાસ રૂંધાય જવાના કારણે મૃત્યુ થયા છે. આજે સવારે ૩.૩૦ વાગ્યે બનાવ બન્યા બાદ ફાયર બ્રિગેડની ટીમો સ્થળ પર પહોંચી હતી. ચાર લોકોને હોસ્પિટલે લઈ જતા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. એક જ પરિવારના પતિ-પત્ની અને તેમના બે પુત્રોના આ કરૂણ બનાવમાં જીવ ગયા હતા. ભારે મહેનત બાદ આ આગ પર ટીમે કાબુ મેળવ્યો હતો. તંત્રના જણાવ્યા મુજબ આગ પહેલા માળે ઈન્વર્ટર અને સોફામાં લાગી હતી જેના કારણે ચાર લોકો ધુમાડામાં ફસાઈ ગયા હતા. તે કારણે તેમના ગુંગળાઈ જવાથી મૃત્યુ થયા હતા.આગે પુરા ઘરને લપેટમાં લઈ લીધુ હતું. ઘરના મુખ્ય એન્ટ્રી ગેટ પર ઈન્વર્ટરમાં શોર્ટ લાગવાથી આગ લાગ્યાનું તારણ છે. તે બાદ આગ ફર્નિચર સુધી પહોંચી હતી.

# નોકરીઓમાં પછાત ઉમેદવારોને પાંચ માર્કસ આપવનો હરિયાણાનો નિર્ણય રદ

ચંદીગઢ : પંજાબ-હરિયાણા હાઈકોર્ટ બાદ હવે હરિયાણા સરકારને સુપ્રીમ કોર્ટ તરફથી પણ આંચકો લાગ્યો છે. રાજ્યમાં સરકારી નોકરીઓમાં સામાજિક-આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને ૫ બોનસ માર્ક્સ આપવાના રાજ્ય સરકારના નિર્ણય પર જીઝ દ્વારા પણ રોક લગાવી દેવાઈ છે. એટલું જ નહીં, સુપ્રીમ કોર્ટે આ પદ્ધતિને ગેરબંધારણીય પણ જાહેર કરી છે. હરિયાણા સરકાર આ મામલામાં ફસાયેલી જોવા મળી રહી છે.

જીઝ તરફથી રાહત ન મળ્યા બાદ સરકાર રિવ્યુ પિટિશન દાખલ કરી શકે છે. જો ત્યારબાદ પણ રાહત નહીં મળે તો ભરતી રદ કરવી પડશે અને નવેસરથી પરીક્ષા લેવી પડશે. આ સ્થિતિમાં વર્ષ ૨૦૨૩માં ગ્રુપ સી, ડીમાં નિયુક્તિ પામેલા ૨૩ હજાર યુવાનોની નોકરીઓ સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે. હવે તેઓએ ફરીથી પરીક્ષા આપવી પડશે. જો તેઓ પાસ કરવામાં નિષ્ફળ જશે તો તેમને નોકરીમાંથી બરતરફ કરવા પડશે.

જણાવી દઈએ કે હરિયાણામાં ઓક્ટોબર-નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. આવી સ્થિતિમાં ભાજપની નાયાબ સિંહ સૈની સરકાર માટે મોટી સમસ્યા ઊભી થઈ ગઈ છે. જણાવી દઈએ કે હરિયાણાની મનોહર લાલ ખટ્ટર સરકારે નોકરીમાં સામાજિક અને આર્થિક ધોરણે પછાત એવા અરજદારોને ૫ બોનસ માર્ક્સ આપવાનો નિર્ણય કર્યો હતો. તેનો અમલ ૫ મે, ૨૦૨૨થી કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત એવા પરિવારોના અરજદારો કે જેમના કુટુંબનો કોઈ સભ્ય સરકારી નોકરીમાં ન હોય અને કુટુંબની આવક વાર્ષિક રૂ. ૧.૮૦ લાખથી ઓછી હોય, તેમને ૫ વધારાના પોઈન્ટનો લાભ મળે છે.ઘણા ઉમેદવારોએ આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટની ડબલ બેન્ચે ૩૧ મે ૨૦૨૪ના રોજ બોનસ માર્ક્સ આપવાના નિર્ણયને ફગાવી દીધો હતો. હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી કે આ એક પ્રકારે અનામત આપવા જેવું છે.

## પહેલા પાનાથી...

**પાસપોર્ટ મુદ્દે**

રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોમાં શરૂ કરાઈ છે જેમાં ૯ હજાર પોલીસ સ્ટેશન સામે છે. પ્રક્રિયાને સુવિધાજનક બનાવવા માટે પાસપોર્ટ સેવા પ્રણાલિને ડિજીલોકર પ્રણાલી સાથે પણ એકીકૃત કરાઈ છે.

દેશમાં કુલ ૫૩૩ પાસપ ોર્ટ કેન્દ્રઃ જયશંકરે જણાવ્યું હતું કે, અત્યાર સુધી દેશમાં ૪૪૦ પાસપોર્ટ કેન્દ્રો હતા, જેમાં ૯૩નો ઉમેરો થતા હવે કુલ ૫૩૩ પાસપોર્ટ કેન્દ્રો થઈ ગયા છે.

**નીટ કૌભાંડ**

એક ટીમ ગુજરાતના ગોધરા પહોંચી ચૂકી છે અને ટીમ કેસના તપાસ અધિકારીને મળીને પુરી ડિટેલ્સ લેવામાં લાગી ગઈ છે. સૂત્રો અનુસાર સીબીઆઈની પુરી તપાસ પરીક્ષાના પેપર બનાવવા, તેનું પ્રિન્ટીંગ તેને દેશના અલગ અલગ ભાગોમાં પહોંચાડવાના ટ્રાન્સપોર્ટેશન અને પરીક્ષા કેન્દ્રમાં પેપર વિતરણની પ્રક્રિયા વચ્ચે કયા કયા સ્થળો પર આપરાધિક પોલ રહી ગઈ છે તેને શોધવા પર કેન્દ્રીત છે.૧૦૦૦ નામ નંબરો ડેટાની તપાસઃ સીબીઆઈ પોતાની પાસે અગાઉથી જ મોજૂદ લગભગ ૧૦૦૦ નામ અને નંબરોનો ડેટા ફંફોશી રહી છે, જે સીબીઆઈએ અગાઉના વર્ષોમાં વ્યાપમ સહિત પેપર લીકના ડઝનબંધ કેસની તપાસ દરમિયાન બનાવાયા હતા.

**દેશના ઈતિહાસ**

પદ માટે ચૂંટણી યોજાવા જઈ રહી છે. દ્રઢદ્રછ તરફથી ઓમ બિરલા સ્પીકરના ઉમેદવાર હશે જ્યારે "દ્રઢૈદ્ર ગઠબંધન તરફથી કે સુરેશને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. બન્ને નેતાઓ પોતાનું નોમિનેશન ભર્યું છે. હવે કાલે લોકસભાના અધ્યક્ષ માટે ચૂંટણી યોજાશે.લોકસભાના નંબરગેમની વાત કરીએ તો આ વખતે તસવીર ૨૦૧૪ અને ૨૦૧૯ના મુકાબલે અલગ છે. દ્રઢદ્રછની આગેવાની કરતી ભાજપ ૨૪૦ બેઠક સાથે સૌથી મોટી પાર્ટી છે પરંતુ બે ચૂંટણી બાદ પાર્ટી પૂર્ણ બહુમત માટે જરૂરી ૨૭૨નો જાદુઈ આંકડાથી પાછળ રહી ગઈ છે. લોકસભામાં દ્રઢદ્રછના ૨૯૩ સભ્ય છે. વિપક્ષની વાત કરીએ તો કોંગ્રેસને ૯૯ બેઠક પર જીત મળી હતી પરંતુ રાહુલ ગાંધી બે બેઠક પરથી જીત્યા હતા આ હિસાબથી સાંસદોની સંખ્યા ૯૮ હતી. રાહુલ ગાંધીએ વાયનાડની બેઠક છોડી દીધી છે. એવામાં પાર્ટીની બેઠક હવે ૯૮ થઈ ગઈ છે. કોંગ્રેસની આગેવાની ધરાવતા "દ્રઢૈદ્ર ગઠબંધનના ૨૩૩ સાંસદ છે. સાત અપક્ષ સહિત ૧૬ અન્ય પણ ચૂંટણી જીતીને સંસદ પહોંચ્યા છે.૧૮મી લોકસભાના પ્રથમ સત્રનો આજે બીજો દિવસ છે. આજે પણ લોકસભામાં શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાશે. કાલે પીએમ મોદી સહિત ૨૬૬ સાંસદોએ શપથ ગ્રહણ કર્યા હતા. બાકી સાંસદ આજે શપથ લેશે.

**ઓક્ટોબર મહિનામાં**

આવી શકે તેમ છે, ત્યારબાદ સુરતના દરોમાં પણ ફેરફાર થઇ શકે છે. અમદાવાદમાં શીલજ, બોપલ અને સિંધુભવન રોડ જેવા વિકસીત વિસ્તારોની સરખામણીએ પાલડી, આંબાવાડી, સેટેલાઇટ અ તેની આસપાસના વિસ્તારોમાં જંત્રીના દરો ઘણા ઉંચા છે. આ ત્રુટી અને ખામીને દૂર કરવામાં આવશે અને શહેરના ઘણા વિસ્તારો માટે નવા વધુ તર્કસંગત દરો અમલમાં આવશે એમ સૂત્રોએ કહ્યું હતું. બીજી બાજુ સુરતમાં જંત્રીના દરોમાં તોતિંગ વધારો ઝીંકાઇ શકે છે, કેમ કે શહેરના નવા વિકાસ પામેલાં વિસ્તારોમાં મકાનોની કિંમતોમાં નોંધપાત્ર વધારો થયો છે જયારે જંત્રીના દરો ખુબ ઓછા છે.

# નીટ વિવાદ વચ્ચે UPSCનો મોટો નિર્ણય

## પરીક્ષાઓમાં હવે AI થી સજ્જ સીસીટીવીનો ઉપયોગ કરાશે

નવીદિલ્હી : નીટ, નેટ પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ સાથે જોડાયેલા વિવાદો વચ્ચે દેશની અગ્રણી ભરતી સંસ્થા જીવીએસસી (યુનિયન પબ્લીક સર્વિસ કમીશન)એ UPSCએ પોતાની વિભિન્ન પરીક્ષાઓમાં છેતરપિંડી રોકવા માટે ચેહરાની ઓળખ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સી આધારિત સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. તેણે તાજેતરમાં જ બે ટેકનિકલ સોલ્યુશન તૈયાર કરવા માટે અનુભવી જાહેર ક્ષેત્રની કંપનીઓ પાસેથી બોલી આમંત્રિત કરવા માટે એક નિવિદા જાહેર કરી છે. આધાર બેઝ્ડ ફિંગરપ્રિન્ટ ઓથેન્ટીકેશન તૈયાર ઉમેદવારોના ચેહરાની ઓળખ તથા ઈ એડમિટ કાર્ડના ક્યુઆર કોડનું સ્કેનિંગ કરવા માટે પરીક્ષા પ્રક્રિયા દરમિયાન લાઈવ એઆઈ આધારિત સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ ઉપયોગમાં લેવામાં આવશે. બંધારણીય સંસ્થા યુપીએસસી ૧૪ મુખ્ય પરીક્ષાઓનું આયોજન કરે છે. જેમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેશન સર્વિસ , ઈન્ડિયન ફોરેન સર્વિસ અને ઈન્ડિયન પોલીસ સર્વિસ ના અધિકારીઓની પસંદગી કરતી પ્રતિષ્ઠિત સિવિલ સેવા પરીક્ષા પણ સામેલ છે. યુપીએસસી કેન્દ્ર સરકારના ગ્રુપ એ અને ગ્રુપ બીના પદો પર ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ઈન્ટરવ્યુનું આયોજન કરે છે.લેહ, કારગીલ, શ્રીનગર, ઈમ્ફાલ, અગરતલા, ઐઝવાલ અને ગેંગટોક સહિત અન્ય પ્રમુખ શહેરોમાં મહત્તમ ૮૦ કેન્દ્રો પર યોજવામાં આવતી પરીક્ષામાં ૨૫ લાખથી વધુ ઉમેદવારો હોય છે. યુપીએસસી સ્વતંત્ર, નિષ્પક્ષ રીતે પોતાની પરીક્ષાઓના સંચાલનને ખૂબ જ મહત્વ આપે છે. આ ઉદ્દેશોને પૂર્ણ કરવાના પોતાના પ્રયાસમાં આયોગ બાયોમેટ્રિક વિગતોના ક્રોસ ચેક માટે આધુનિક ટેકનિકનો ઉપયોગ કરવાનો ઈરાદો રાખે છે.

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવી ભરતી થશે

અમદાવાદ : ગુજરાતમાં સરકારી નોકરી માટે તૈયારી કરતા યુવાનો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. સોમવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સચિવે સોશિયલ મીડિયા પોસ્ટ કરીને આ માહિતી આપી હતી.

આ ભરતી અંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને માહિતી આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે ખેતી મદદનીશની ૪૩૬ જગ્યાઓ ભરવામાં આવશે. આ સાથે જ બાગાયત મદદનીશની ૫૨ જગ્યાઓ અને અતિથિ ગૃહમાં મેનેજરની ૧૪ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તારીખ ૦૧/૦૭ થી ૨૦/૦૭/૨૦૨૪ સુધીમાં OJAS પર online application મંગાવવા આજે GSSSBની સત્તાવાર વેબસાઈટ પર ૧૫.૦૦ કલાકે નોટિફિકેશન મુકવામાં આવશે.

## શિણાય યદુવંશી સોરઠિયા (આહિર) જ્ઞાતિના હોદ્દેદારોની વરણી





આદિપુર : શિણાય યદુવંશી સોરઠિયા (આહિર) જ્ઞાતિ મહાજનની બેઠકમાં મહાજનના સંચાલન માટે હોદ્દેદારો, સભ્યોની સર્વાનુંમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે નવીનભાઈ ભીમજીભાઈ હડિયા (રામાડા હોટલવાળા), ઉપપ્રમુખ તરીકે સુનિલભાઈ મોહનભાઈ હડિયા (આર.કે. ગ્રુપ), મંત્રી જેન્તીલાલ પુનાભાઈ હડિયા, સહમંત્રી હરેશભાઈ અરજણભાઈ વાઘમશી તેમજ સભ્યોમાં ભરતભાઈ શિવજીભાઈ હડિયા, રાઘવજીભાઈ પ્રેમજીભાઈ વાઘમશી, યોગેશભાઈ ભીમજીભાઈ વાણિયા, વિમલભાઈ પ્રેમજીભાઈ વાણિયા, માવજીભાઈ લખુભાઈ વાઘભમશી, રમેશભાઈ વાલજી હડિયા, કુંવરજીભાઈ મેઘજીભાઈ વાઘમશી, ભાવેશભાઈ ખીમજીભાઈ વાણિયા, સુનિલભાઈ શંભુભાઈ હડિયાની સર્વાનુંમતે વરણી કરવામાં આવી હતી. આ વરણીને સમાજના સંજયભાઈ (એમ. એમ. ગ્રુપ), હરિલાલ સેજાભાઈ (પૂર્વ સરપંચ), પ્રવીણભાઈ હડિયા, ભીમજીભાઈ વાણિયા, ચેતનભાઈ હરિલાલ નારણભાઈ (પૂર્વ પ્રમુખ), ભરતભાઈ વગેરેએ અભિનંદન આપ્યા હતા.

સમાજ ઉત્થાનના કાર્યો હાથ ધરવા પ્રમુખ, ઉપપ્રમુખ અને તેમની ટીમ દ્વારા નેમ વ્યક્ત કરવામાં આવી હતી તેવું સમાજના અગ્રણી અને સરપંચ દિપકભાઈ વાઘમશીની યાદીમાં જણાવ્યું છે.

## ભુજ બસ પોર્ટ પર બિભત્સ ચેનચાળા કરનાર ડ્રાઈવર સસ્પેન્ડ

**લાજશરમને નેવે મુકી સ્ટાફની યુવતિ સાથે છાનગપતિયાનો વીડિયો સોશિયલ મીડિયામાં થયો હતો વાયરલ : પોતાની પુત્રીની ઉંમરની યુવતિ સાથે ચેનચાળા કરનાર ડ્રાઈવર સામે થશે ખાતાકીય તપાસ : યોગેશ પટેલ (કચ્છ એસ.ટી. નિયામક)**

ભુજ : શહેરના બસ પોર્ટમાં પોતાની પુત્રીની ઉમરની યુવતિ સાથે બિભત્સ હરકત કરનાર ભુજ એસ.ટી. ડેપોના ડ્રાઈવરને સસ્પેન્ડ કરી દઈ તેના સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.

ભુજના નવા બસપોર્ટ પર ભુજ એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા બી.એન. જાડેજાએ ડેપોના કમ્પાઉન્ડમાં એક સ્થળ પર બેસી એસ.ટી. તંત્રમાં જ નોકરી કરતી એક યુવતિનો હાથ પકડી ચુંબન કરતો વીડિયો કોઈ પ્રવાસીઓ ઉતારી લઈ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી દીધો હતો. જોતજોતામાં સોશિયલ મીડિયમાં વાયરલ થયેલા આ વીડિયો સામે આવતા કચ્છ એસ.ટી. તંત્ર હરકતમાં આવ્યું હતું. પોતાની પુત્રીની ઉમરની યુવતિ સાથે ફરજના સ્થળે જ બિભત્સ હરકત કરનાર ડ્રાઈવરને તાત્કાલિક અસરથી જ સસ્પેન્ડ કરી દેવાયો છે અને તેની સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે તેવું કચ્છ એસ.ટી.ના વિભાગીય નિયામક યોગેશ પટેલે જણાવ્યું હતું.

ભુજ એસ.ટી. ડેપોના ડ્રાઈવરોની જાહેર સ્થળે શરમજનક હરકતથી એસ.ટી. કર્મચારી વર્ગમાં ચકચાર મચી ગઈ હતી. ડ્રાઈવર સામે સસ્પેન્ડના પગલા અને ખાતાકીય તપાસ સાથે એપ્રેન્ટીસને છુટા કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. ભુજ એસ.ટી.નો આ બનાવ કચ્છભરમાં લોકચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

## રાપરમાં મહિને ૧૦ ટકા વ્યાજ ઉઘરાવતો ડાભુંડાનો શખ્સ કાયદાના સાણસામાં

**પૂર્વ કચ્છમાં લોક દરબાર પૂર્વે કામગીરી બતાવવા માટે બે ફરિયાદ નોંધાઈ : પશ્ચિમ કચ્છ પોલીસ કયારે જાગશે ?**

રાપર : પૂર્વ કચ્છમાં વ્યાજખોરો સામે લોક દરબાર યોજાય તે પૂર્વે મેઘપર બોરીચી અને હવે રાપરમાં ફરિયાદ દાખલ થઈ છે. મહિને ૧૦ ટકા વ્યાજ ઉઘરાવતા ડાભુંડાના શખ્સ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પૂર્વ કચ્છના એસપી પાસે હાલમાં પશ્ચિમ કચ્છનો ચાર્જ છે તેમ છતાં પશ્ચિમ કચ્છમાં વ્યાજખોરો સામે કોઈ કાર્યવાહી થઈ નથી. પોલીસ કામગીરી બતાવવા માટે કેસો કરશે કે નહીં ? તે સવાલ લોકોમાં ઉઠી રહ્યો છે. ફરિયાદી રાપરમાં રહેતા ઈશ્વરભાઈ જાદવજીભાઈ દરજીએ ૨૦૧૯માં દિકરાનો ધંધો બરોબર ન ચાલતો હોઈ ટ્રકના લોનના હપ્તા ભરવા માટે ડાભુંડાના પ્રદીપસિંહ ગંભીરસિંહ સોઢા પાસેથી ત્રણ લાખ રૂપિયા ૧૦ ટકા વ્યાજે લીધા હતા. દર મહિને ૩૦ હજાર વ્યાજ ચુકવ્યું. બાદમાં ૨૦૨૦ માં ફરી બે લાખ રૂપિયા લીધા હતા. દર મહિને ૫૦ હજાર રૂપિયા વ્યાજ ચુકવવામાં આવતું હતું. ૨૦૨૧ માં સગવડ થતા દિકરાએ બે લાખ રૂપિયા આપી દીધા હતા અને ત્રણ લાખ રૂપિયા આપવાના હતા. બાદમાં પાંચ ટકા લેખે મહિને ૧૫ હજાર વ્યાજ ચુકવ્યું અને છેલ્લા છ મહિનાથી બે ટકા લેખે છ હજાર વ્યાજ ચુકવવામાં આવે છે. અત્યાર સુધી પાંચ લાખની સામે વ્યાજ સહિત ૧૧.૪૦ લાખ ચુકવ્યા છતાં પ્રદીપસિંહ પઠાણી ઉઘરાણી કરે છે. વ્યાજ ચુકવવામાં મોડું થાય તો દુકાને આવી જાય છે અને ધાક ધમકી કરે છે. ગત ૩ જુનના પ્રદીપસિંહ ફરિયાદીને હમીરપરની વાડીએ લઈ ગયો ત્યાં ધકબુશટનો માર પણ માર્યો હતો. પઠાણી ઉઘરાણીના કારણે દિકરો ભાગીને મુંબઈ ચાલ્યો ગયો છે. જેથી વ્યાજખોર સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

## ગુજરાત કોંગ્રેસમાં કંઈક મોટું થશે, રાહુલ ગાંધીએ દિલ્હીથી આપ્યા આદેશ, બનાસકાંઠા પેટર્ન પર થશે કામ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : હાલ ગુજરાત કોંગ્રેસ હજી પણ મૃતપાય અવસ્થામાં છે. લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠાની એકમાત્ર સીટ જીતીને કોંગ્રેસ ફરી સજીવન થઈ તો છે, પણ એ પૂરતી નથી. કારણ કે, વિધાનસભા ચૂંટણીમાં નબળા પ્રદર્શનને કારણે તે વિપક્ષનું પણ સ્થાન મેળવી શકી નથી. ત્યારે હવે સમય આવી ગયો છે કે, કોંગ્રેસને ફરી જીવંત કરાય. ત્યારે કોંગ્રેસમાં ફરી પ્રાણ ફૂંકવાનો તખ્તો ઘડાઈ રહ્યો છે.

હવે રાહલુ ગાંધીના રણનીતિકાર ગુજરાત કોંગ્રેસને પુનર્જિવિત કરશે. બનાસકાંઠાની પેટર્ન પર ગુજરાત કોંગ્રેસ ચૂંટણી લડશે. દાયકા બાદ લોકસભામાં ગુજરાત કોંગ્રેસનું ખાતુ એકમાત્ર ગેનીબેન ઠાકોરને કારણે ખીલ્યું છે. બનાસકાંઠાની એકમાત્ર જીત જીતીને પણ કોંગ્રેસે ભાજપનું ક્લીન સ્વીપ કરવાનું સપનુ રગદોળ્યું છે. ત્યારે બનાસકાંઠાની જીતથી રાહુલ ગાંધી અને હાઈકમાન્ડનું ધ્યાન ગુજરાત તરફ ખેંચાયું છે. તેથી હવે પાર્ટીએ ફરીથી ગુજરાત કોંગ્રેસને પુનર્જિવિત કરવાનું નક્કી કર્યું છે. આ માટે નવો રોડમેપ તૈયાર કરવા આદેશ આવ્યો છે. જેમાં બનાસકાંઠાની જીતની પેટર્ન પરોકસ કરાશે.

# ઔધોગિક વિકાસની સમાંતરે પર્યાવરણની સુરક્ષા પણ અનિવાર્ય




**ગુજરાત પ્રદુષણ નિયંત્રણ દ્વારા જે.કે. લક્ષ્મી સિમેન્ટ લિ. મુંધવાય પેટા બ્લોક - એ માટે લોક સુનાવણી શરૂ : જીપીસીબીના અધિકારી, પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને આયોજીત લોક સુનાવણીમાં કંપનીના અધિકારીઓએ સૂચિત પ્રોજેકટ અંગે આપ્યું પ્રેજન્ટેશન : સ્થાનિક વિસ્તાર માટે સીએસઆર ફંડમાંથી થનાર વિકાસકામોની રજૂ કરી રૂપરેખા**

ભુજ : બે દાયકા અગાઉ વેરાન વિસ્તાર ગણાતા પશ્ચિમ કચ્છના સરહદી ગામોમાં સિમેન્ટ ઉધોગોના આગમન બાદ જનજીવન ધબકતું થયું છે. મહાકાય સિમેન્ટ ઉધોગો કાર્યાન્વિત થયા બાદ સ્થાનિક અન્ય સંલગ્ન ધંધા - વ્યવસાયનો પણ વિકાસ થયો છે. ત્યારે લખપત તાલુકાના મુધવાય સમીપે વધુ એક સિમેન્ટ ઉધોગનું આગમન થઈ રહ્યું છે. લખપતમાં શરૂ થનારા જે.કે. લક્ષ્મી સિમેન્ટ એકમ માટે આજે ઉધોગ સાઈટ પર પ્રોજેકટ કેટેગરીએમાં લાઈમસ્ટોન ૧૯૮.૯૦૯૮ હેકટર વિસ્તાર, ચુના પથ્થરનું ૨૫ મિલિયન ટન પ્રતિવર્ષ ઉત્પાદન, ટોપ સોઈલ ૦.૨૨ મિલિયન ટન પ્રતિવર્ષ, ઓવર બર્ડન ૨.૦૮ મિલિયન ટન પ્રતિવર્ષ, કુલ ખોદકામ ૪૮૦ મિલિયન ટન પ્રતિવર્ષ પરિયોજના માટે લોક સુનાવણી હાથ ધરવામાં આવી છે.

સરકારશ્રીના નિયમાનુસાર કોઈ પણ ઔધોગિક એકમના પ્રારંભ કે વિસ્તૃતિકરણ પહેલા સ્થાનિકે અસરગ્રસ્ત વિસ્તારના લોકોની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને જિલ્લા - તાલુકા વહિવટી અધિકારીની ઉપસ્થિતિમાં લોક સુનાવણી હાથ ધરવામાં આવે છે, જેમાં ઉધોગજૂથ દ્વારા પોતાના પ્રોજેકટની સંપૂર્ણ વિગતો સાથે સીએસઆરમાંથી થનારા કામો અંગે લોકોને માહિતગાર કરવામાં આવે છે.

મુધવાય સમીપે હાથ ધરવામાં આવેલી લોકસુનાવણીનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. જીપીસીબીના અધિકારી, તાલુકા પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી લોક સુનાવણીના પ્રારંભે જે.કે. લક્ષ્મી સિમેન્ટના અધિકારીઓએ પ્રોજેકટ અંગે ડોક્યુમેન્ટરી રજૂ કરી હતી. સૂચિત પ્રોજેકટમાં ઉધોગમાં લેવાનારી મશીનરીથી માંડી, સુરક્ષા ઉપકરણો, પર્યાવરણની સુરક્ષા માટેના ઉપાયો, કામદારોની સુરક્ષા માટેની વ્યવસ્થા સાથે કંપનીના સીએસઆર ફંડમાંથી સ્થાનિક વિસ્તારમાં થનાર વિકાસકાર્યો અંગેની વિગતો કંપનીના અધિકારીઓ દ્વારા અપાઈ હતી. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પછાત ગણાતા લખપત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉધોગગૃહ દ્વારા શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રમાં લોકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપવામાં આવી હતી.

આ લોક સુનાવણીમાં પ્રોજેકટ અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તારમાં આવતા ગ્રામજનો દ્વારા કંપની દ્વારા જન સુખાકારી માટે કયા કામો કરવામાં આવશે, ઔધોગિક એકમમાં સ્થાનિક બેરોજગારોને રોજગારી મળશે કે, કેમ, દુષ્કાળ, અતિવૃષ્ટિ જેવા સમયે પશુપાલકો, ખેડૂતોને શું સુવિધાઓ આપવાની યોજના છે તેવા સવાલો રજૂ થયા હતા. જેનો કંપનીના અધિકારીઓએ પ્રત્યુતર પાઠવ્યો હતો. કંપનીના અધિકારીઓએ જનસુખાકારીના વિવિધ કામો, જળસંચય, પર્યાવરણની રક્ષા માટે વૃક્ષારોપણ, શિક્ષણ, આરોગ્ય, પશુપાલકો માટે ઘાસચારાની વ્યવસ્થા સહિતની માહિતી પ્રદાન કરી હતી. આ લોકસુનાવણીમાં અસરગ્રસ્ત વિસ્તારથી બહાર અરજદારો દ્વારા પોતાના પ્રશ્નો લેખિતમાં મંચસ્થ અધિકારીઓને આપવામાં આવ્યા હતા. લોકસુનાવણીની શરૂઆત શાંતિપૂર્ણ માહોલમાં થઈ હતી. જો કે, લોક સુનાવણી દરમિયાન કેટલીક સંસ્થાઓ દ્વારા પર્યાવરણ સબંધિત ચિંતાઓ અંગે થયેલી રજૂઆતોથી માહોલ ગરમાયો હતો.

# સ્ટેટ ટીટીમાં ક્રિત્વિકા રોય ચેમ્પિયન

### સુરત ખાતેની ટુર્નામેન્ટમાં ફિલઝાહને હરાવીને ક્રિત્વિકાએ વિમેન્સ ટાઇટલ જીત્યું



ગાંધીધામ : ભૂતપૂર્વ ભારતીય ખેલાડી ક્રિત્વિકા સિંહા રોયે ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ અને ટેબલ ટેનિસ એસોસિયેશના ઓફ સુરતના ઉપક્રમે ૨૦થી ૨૩મી જૂન દરમિયાન સુરત ખાતે યોજાયેલી તાપ્તિ વેલી ઈન્ટરનેશનલ સ્કૂલ ત્રીજી ગુજરાત સ્ટેટ રેક્રિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૪ માં વિમેન્સ સિંગલ્સ ટાટલ જીતી લીધું હતું. સુરતની વતની બની ગયેલી ક્રિત્વિકાએ તેના જ શહેરની ફિલઝાહફાતીમા કાદરીને ફાઇનલમાં હરાવી હતી.

૨૦ વર્ષીય ફિલઝાહે ઝડપી પ્રારંભ કર્યો હતો અને ૦-૨ની સરસાઈ હાંસલ કરી લીધી હતી પરંતુ બીજા ક્રમની ક્રિત્વિકાએ થોડા જ સમયમાં આ સરસાઈ ઘટાડીને ૨-૨થી સ્કોર સરભર કરી દીધો હતો. જોકે પોતાની સિનિયર ખેલાડીના પુનરાગમનથી વિચલીત થયા વિના ફિલઝાહે ફરીથી સરસાઈ મેળવી લીધી હતી. આ તબક્કે ક્રિત્વિકાએ આગામી ત્રણ ગેમ હાંસલ કરીને મેચ જીતી લીધી હતી. વર્તમાન સિઝનમાં ક્રિત્વિકાએ તેનું બીજું સ્ટેટ ટાઇટલ જીત્યું હતું. અન્ય એક સ્થાનિક ખેલાડી દાનિયા ગોદીલે અંડર-૧૩ અને અંડર-૧૫ એમ બે ટાઇટલ જીત્યા હતા. બીજા ક્રમની દાનિયાએ અમદાવાદની ખ્વાઇશ લોટિયાને ૩-૨થી હરાવીને અંડર-૧૩ અને ચોથા ક્રમની મૌબિની ચેટરજીને ૩-૧થી હરાવીને અંડર-૧૫ ટાઇટલ જીત્યું હતું. જોકે મૌબિની માટે આશ્વાસનજનક બાબત એ રહી હતી કે તેણે અંડર-૧૯ની ફાઇનલમાં તેના જ શહેરની પ્રાથા પવારને ૪-૧થી હરાવી હતી. અમદાવાદના પાંચમા ક્રમના દ્વિજ ભાલોડીયાને ફાળે અંડર-૧૫ બોયઝ ટાઇટલ આવ્યું હતું જ્યાં તેણે માલવ પંચાલને ૩-૦થી હરાવ્યો હતો. અમદાવાદની જિયા ત્રિવેદીએ અંડર-૧૭ ગર્લ્સ ટાઇટલ જીતવા માટે મોખરાના ક્રમની રિયા જયસ્વાલને ૩-૧થી હરાવીને અપસેટ સર્જ્યો હતો. રાજકોટના બીજા ક્રમાંકિત દેવ ભટ્ટે મોખરાના ક્રમના અને સ્થાનિક ખેલાડી અનય બચાવતને અંડર-૧૩ બોયઝ ફાઇનલમાં ૩-૧થી હરાવ્યો હતો. અંડર-૧૧ બોયઝ ફાઇનલમાં ભાવનગરના બીજા ક્રમના હેનિલ લાંગલિયાનો મુકાબલો કચ્છના ધ્રુવ ભાંબાણી સામે હતો જ્યાં તેનો ૩-૧થી વિજય થયો હતો જ્યારે ગર્લ્સ કેટેગરીમાં બીજા ક્રમની ધિમહી કાબરાવાલાએ મોખરાના ક્રમની મિશા લાખાણીને ૩-૧થી હરાવી હતી. આયોજકોએ આ વખતે નવી કેટેગરીમાં બોયઝ અને ગર્લ્સ અંડર-૯નો સમાવેશ કર્યો હતો જેમાં બોયઝ વિભાગમાં કચ્છના રેહાંશ સિંઘવીએ સુરતના પાનવ કેલ્લાને ૩-૦થી અને સુરતની પ્રિશા પારેખે આણંદની પ્રિશા પંડ્યાને ૩-૦થી હરાવી હતી.




મિશન મેરા સ્વાભિમાન મેરા સ્વચ્છ ગાંધીધામમાં ઈન્દોરની ટીમ સાથે હાથ મિલાવનાર સેન્ટ થોમસ સ્કૂલ, શિનાઈ ગાંધીધામની આ પ્રથમ શાળા છે.બાળકો એ અહીંનું લોકજીભે પ્રખ્યાત''હાથી બાગ'' માં ભીંત પર પૂરાં ઉમંગ સાથે સંદેશ ભીંત પર ચીતર્યા. જે ઉપરોકત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

# વાગડના દાનવીર અને જીવદયાપ્રેમી ધનજી ગાલાના નિધનથી ફેલાયો શોક



**ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતા, વાગડના સંતો-મહંતો, રાજકીય-સામાજિક ક્ષેત્રના આગેવાનોએ આપી અંજલિ**

રાપર : વાગડ વિસ્તારના જાણીતા દાનવીર, જીવદયા પ્રેમી ધનજીભાઈ ગેલાભાઈ ગાલા (ધન્નાશા શેઠ)ના નિધનથી સમગ્ર વાગડ પંથકમાં ઉંડા શોકની લાગણી ફેલાઈ છે. ગૌસેવાના કાર્યોના સદૈવ અગ્રેસર રહેતા દાનવીર ધનજીભાઈના નિધનના સમાચાર કચ્છ-મુંબઈમાં વાયુવેગે ફેલાયા હતા. વિવિધ ક્ષેત્રના આગેવાનોએ શ્રદ્ધાંજલિ આપી શોક વ્યક્ત કર્યો હતો.

વાગડના ભામાશા એટલે ધનજીગેલાભાઇ ગાલા (ધનાશા)નું અવસાન થતાં કચ્છ વાગડ, મુંબઇ સહીત ગુજરાતમાં શોકની લાગણી પ્રસરી છે. તેઓ જીવદયાનાં હિમાયતી એવા ભામાશાએ શંખેશ્વર મુકામે ગુરુ મંદિર બનાવી આગવી ઓળખ ઉભી કરી હતી. તેઓ રાપર, લાકડીયા, આડેસર, આધોઇ વગેરે જગ્યાએ પાંજરા પોળમાં તેઓનું યોગદાન રહયું હતું. વાગડમાં 400 જણાને લખપતી બનાવવાનું સપનું તેઓએ સાકાર કર્યુ હતું. મુંબઇ અનેં ભચાઉમા જૈન પરીવારો માટે આવાસ બનાવી આપેલ હતાં. તેઓ દવારા એમ્બ્યુલન્સ, મેડીકલક્ષેત્ર, શિક્ષણ ક્ષેત્ર, અંતરનું સ્થાન ધરાવતાં હતા.

લાકડીયામાં સમાજ માટેની વાડીમાં સહયોગી રહયા હતાં લાકડીયાથી વાજતા ગાજતા પદયાત્રા સંઘ એક મહિનો ચાલીને પાલીતાણા પહોચયો ત્યારે સંઘપતી બનવાનો લાભ તેઓએ લીધો હતો. રણુજા ખાતે રામદેવપીર મંદિર ખાતે મહત્વનુ યોગદાન હતું. વાર તહેવારમાં તેઓ અનેક ઠેકાણે દાન આપેલ હતું. એટલે તેમને ભામાશા તરીકેનું ભીરુદ મળ્યુ હતું.

રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ વાગડ વિસ્તારે સજ્જન અને ઉદારદિલ દાનવીર ગુમાવ્યો હોવાની લાગણી વ્યક્ત કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ કચ્છમાં જીવદયા ક્ષેત્રે મોટી ખોટ પડી હોવાની લાગણી વ્યક્ત કરી હતી. પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મહેતાએ જેન શાસનના અનેકવિધ કાર્યોમાં સહયોગી રહેલા દાનવીર શ્રેષ્ઠીના નિધનથી પડેલી ખોટ ક્યારેય પૂરાશે નહીં તેવી લાગણી વ્યક્ત કરી હતી. વાગડ પંથકના અગ્રણીઓ ખેતશીભાઇ ચરલા, પૂર્વ નાણામંત્રી બાબુભાઇ મેઘજીભાઇ શાહ, કનુભાઇ બોરીચા, જસુભા જાડેજા, ધીરજલાલ મણીલાલ પુજ, પાલુભાઇ ગઢવી (ભજનાનંદી), ભરતભાઇ સોલંકી, કમલ નયન મહેતા(ભુજ), ચાંપશીભાઈ ફરિયા, લાલજીભાઈ કારીયા, જખુભાઈ છેડા, ખીમજીભાઈ સત્રા, ટીમ વાગડના પ્રમુખ અમરશીભાઈ સત્રા, લક્ષ્મીચંદ ચરલા, એકલધામના મહંત દેવનાથબાપુ, સૂરેશભાઈ વારીયા, ચંપાલાલજી પારખ, મેઘરાજજસિંહ ઝાલા, ચમનસંગ સોઢા, જેઠુનાથ બાવાજી, ધીરજલાલ કુબડીયા, રમેશભાઇ કુબડીયા, મહેશ શાહ, દામજીભાઇ બોરસી વગેરે ઉપરાંત સામાજિક, રાજકીય ક્ષેત્રના આગેવાનો, સંતો-મહંતો અને વાગડવાસીઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | | | | | 7 | |
| | | 1 | 2 | | 7 | 8 | | |
| 5 | | | 8 | | 3 | | | 6 |
| 1 | 4 | | | | | | 2 | 8 |
| 3 | | 7 | | | | 5 | | 1 |
| 8 | 5 | | | | | | 6 | 3 |
| 7 | | | 4 | | 9 | | | 2 |
| | | 5 | 1 | | 2 | 9 | | |
| | 6 | | | | | | 4 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 5 | 1 | 3 | 4 | 6 | 8 | 2 |
| 1 | 4 | 2 | 7 | 6 | 8 | 9 | 3 | 5 |
| 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 | 7 |
| 7 | 1 | 3 | 8 | 2 | 9 | 4 | 5 | 6 |
| 5 | 2 | 6 | 4 | 1 | 3 | 7 | 9 | 8 |
| 8 | 9 | 4 | 6 | 5 | 7 | 3 | 2 | 1 |
| 6 | 5 | 7 | 3 | 4 | 2 | 8 | 1 | 9 |
| 2 | 3 | 1 | 9 | 8 | 6 | 5 | 7 | 4 |
| 4 | 8 | 9 | 5 | 7 | 1 | 2 | 6 | 3 |

# અવસાન નોંધ



**મુંબઈ :** મૂળ લાકડિયા, હાલે માટુંગા મુંબઈના ધનજી ગેલાભાઈ ગાલા (ઉ.વ. ૬૭) તે તા. ૨૪-૬ના મુંબઈ મધ્યે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૬ના મંગળવાર સાંજે ૪થી ૫ માજનવાડી, ચોફાડવારો વાસ મધ્યે. સંપર્કઃ જેઠુનાથ બાવાજી - ૯૮૨૫૮ ૯૭૦૩૫.

**ભુજ :** મૂળ લોરિયા (હનુમાનનગર)ના વાલુબેન ગાવિંદજી પ્રેમજીભાઈ ભદ્રા (ઉ.વ. ૫૬) તે ગોવિંદજી પ્રેમજીભાઈ ભદ્રાના પત્ની, વિજય, ક્રિષ્નાના માતા, મિત્તલ, મહેશભાઈ રામજીભાઈ ગજરાના સાસુ, સ્વ. રવજીભાઈ, હંસરાજ, પૂંજાલાલ, રણછોડ, લખમશી, સ્વ. જમનાબેન, કાંતાબેનના ભાઈના પત્ની, સ્વ. ભાગબાઈ જેરામભાઈ ગજરાના પુત્રી, શિવજીભાઈ, શિલાબેન, સ્વ. કસ્તુરીબેનના બહેન તા. ૨૪-૬ના અવસાન પામ્યા છે. બને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૬ના સવારે ૧૦થી સાંજે ૪ વાગ્યા સુધી કચ્છી ભાનુશાલી સમાજવાડી, જેષ્ઠાનગર, ભુજ ખાતે.

**ભુજ :** બકાલી મામદ સિદિક (ઉ.વ. ૮૧) (કપાયાવાળા) તે મ. અનવર, સલીમ, મુમ્તાજ તથા નસીમના પિતા, દાઉદ મુસા સમા તથા મ. મહમદ હુશેન ઉમર સમાના સસરા, નદીમ, અનવર અને સદામના દાદા, તાહીર દાઉદ અને રેહાન મહમદ હુશેનના નાના તા. ૨૪-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-ઝિયારત તા. ૨૬-૬ના સવારે ૯થી ૧૦ સાર્વજનિક પ્લોટ, બકાલી કોલોની, કોડકી રોડ મધ્યે.

**માંડવી :** અલીમમદ બુઠા મથડા (ઉ.વ. ૮૦) તે મ. મોહંમદ, હુશેન, રફીક, અબ્બાસ, કાદર (એ વન મોબાઈલ), આઈસુબાઈ, રૂકિયાબાઈના પિતા, હુશેન (મુંદરા), સાલેમામદ (માંડવી)ના સસરા, અશરફ, ઈરફાન, સેજાન, ઝુબેરના દાદા, આરીફ, અલ્તાફના નાના તા. ૨૪-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૬-૬ના સવારે ૧૦થી ૧૧ મુસ્તફા પીરના કમ્પાઉન્ડ, એસ.ટી. રોડ, માંડવી ખાતે.

**નલિયા (તા. અબડાસા) :** ભાનુશાલી કલ્યાણજી કરશનદાસ દેશર કટારમલ (ઉ.વ. ૫૨) તે પારસ અને દર્શનના પિતા, હિનાબેન અનિલ ફુલિયા (ઝુરા)ના મોટાબાપા, સ્વ. પેરાજભાઈ, સ્વ. પ્રધાનભાઈ દેશરના ભત્રીજા, સ્વ. શાંતિલાલ તથા અશ્વિન (બાપા) કરશનદાસના મોટા ભાઈ, કરમશી નેણશી ગજરા (દદામાપર)ના જમાઈ, સ્વ. દેમાબાઈ ડુંગરશી મંગે (પરજાઉ)ના દોહિત્ર તા. ૨૩-૬ના મુંબઈ મધ્યે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૬ના સાંજે ૪થી ૫ ભાનુશાલી મહાજનવાડી, નલિયા ખાતે.

# વાગડના ભામાશા ધનજીભાઈ (ધનાશા)ના નિધનથી ગુજરાતભરમાં શોકની લાગણી : ભરતભાઈ સોલંકી

ગાંધીધામ : કચ્છ જિલ્લાના વાગડના ભામાશા ધનજીભાઈ ગેલાભાઈ ગાલા(ધનાશા)નું મુંબઈ ખાતે અવસાન થતા કચ્છ. મુંબઈ સહીત ગુજરાતભરમાં શોકની લાગણી પ્રસરી.કચ્છના મોટા દાનેશ્વરી અને ભામાશાના અવસાનથી ગુજરાતે એક સપૂત ગુમાવ્યાની લાગણી ઠેર ઠેર લોકો દ્વારા શોકાંજલી અને પરિવારને સાંત્વના પાઠવી શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. મૂળ વાગડ-કચ્છના ભામાશા અને મુઠી ઉચેરા માનવીનું મુંબઈ ખાતે અનુભવી રહ્યા છે. અવસાન થતા ! આપ લાખો લોકોએ પોતાના સ્વજન ગુમાવ્યા હોય તેવી લાગણી.પરોપકારી, જીવદયાના હિમાયતી, ગરીબોના બેલી એવા દાનેશ્વરી ધનજીભાઈ ગાલાએ શંખેશ્વર ખાતે ગુરુ મંદિર બનાવી પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. તેઓએ રાપર, આડેસર, લાકડીયા, આધોઇ સહીત અનેક જગ્યાએ બનાવવામાં આવેલ પાંજરાપોળમાં તેઓની ખાસ યોગદાન રહ્યું હતું, વાગડમાં ૪૦૦ લોકોને લખપતિ બનાવવાનું પોતાનું સપનું સખ્ત મહેનત અને લગનથી સાકાર કર્યું હતું. મુંબઈ અને ભચાઉમા જૈન પરિવારો માટે ખાસ આવાસ બનાવવામાં તેઓનો ફાળો રહ્યો હતો. તેઓ દવારા દર્દીઓ માટે એમ્બયુલન્સ અને મેડિકલ તેમજ શિક્ષણ ક્ષેત્રે તેઓનું મોટુ યોગદાન રહ્યું છે. ભચાઉના લાકડીયા ગામમાં સમાજ વાડી બનાવવામાં સહયોગી રહ્યા . ભચા હતા. લાકડીયા ગામથી રંગે ચંગે વાજતા ગાજતા પદયાત્રા સંઘ એક મહિનો ચાલીને પાલીતાણા ત્યારે સંઘપતિ બનવાનો લાભ પણ તેઓએ લીધો હતો. રણુજા ખાતે આવેલ રામદેવપીરના મંદિરમાં તેઓનું મહત્વનું યોગદાન રહ્યું હતું. વારે તહેવારે અનેક વખત દાન ક વખત દાન આપેલ હતું જેથી ગરીબોના બેલી અને ભામાશા તરીકેની ઓળખ ઉભી થઈ ીકે ઓળખતા ધનજીભાઈ ગાલાના અ હતી. વાગડ-કચ્છના ભામાશા તરીકે ઓળખતા ધનજીભાઈ ગાલાના અવસાનના દુઃખદ સમાચાર વાયુ વેગે સમગ્ર પંથકમાં પ્રસરતા મિત્ર વર્તુળ, સ્નેહીજનો, સગા વ્હાલામાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. મુઠી ઉચેરા માનવી, બીજાના દુખે દુઃખી અને બીજાના સુખે સુખી થનારા અને કરોડો રૂપિયાનું પર કાજે દાન આપનાર ભામાશા અને ઉચ્ચ કોટીના દાનવીર ગુમાવ્યાથી કચ્છની ધરતી રાંક બની છે. જે લોકો ધનજીભાઈ ગાલાને ઓળખે છે અને તેઓના કામને જાણે છે તે સૌ કોઈની આંખમાં સ્વજન ગુમાવ્યાની લાગણી જોવા મળી રહી છે. પરમકૃપાલુ પરમાત્મા ધનજીભાઈ ગાલાના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. આ દુઃખની ઘડીમાં શોકાતુર પરિવારને સાંત્વના પાઠવીએ છીએ અને પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ પ્રભુ આપે તેવી કરે બદ્ધ પ્રભુ પાસે પ્રાર્થના. ધનજીભાઈ ગાલાને સાદર પ્રણામ, આદરપુર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. તેવું ભરતભાઇ સોલંકીની યાદીમાં જણાવાયું છે.



લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ કરવામાં આવેલ છે. જેમાં ફ્રી હોમિયોપેથી કેમ્પ - ૩૦ લાભાર્થી તેમજ મફત ડાયાબિટીક ચેકપ (ઇમ્જી) કેમ્પમાં ૪૦ જણાએ લાભાર્થીઓ - લાભ લીધો હતો. ધીરેન મહેતા, સંજીવ ભાર્ગવ, આરતી છતલાણી, રવિ પમવાણી, બિંદુ ભાર્ગવ , રાજુ છતલાણી, એલ.વી. મહેતા, સુરેશ મહેતા, સંજય ગાંધી, ડિમ્પલ આચાર્ય સભ્યો હાજર રહ્યા હતા

# ભચાઉની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વિદ્યારંભ કાર્યક્રમ યોજાયો





ભચાઉ : શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ભચાઉ મધ્યે લેકેજી બાળકોના સ્વાગત-સન્માન અંતર્ગત 'વિદ્યારંભ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષિકા રૂપા ઢકાન દ્વારા મહેમાનોનું સ્વાગત બાદ સિસ્ટર જોસફીન દ્વારા પ્રાર્થના ગીત રજુ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના અતિથી વિશેષ ભરતભાઈ કાવત્રા (માજી. પ્રમુખ, ભચાઉ ન.પા) તથા શાળાના નિવૃત શિક્ષિકા જ્યાત્સનાબેન મહેશ્વરી, શાળાના આચાર્ય ફાધર શિજો એ.સી., સિસ્ટર જોન્સીના, રતિલાલ વાણીયા વગેરે મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયો હતો. ત્યારબાદ મહેમાનો દ્વારા એલકેજીના વિદ્યાર્થીઓના હાથે અક્ષતની થાળીમાં મૂળાક્ષર લખાવી, ગુલાબનું ફુલ આપી નાના ભૂલકાઓનું સ્વાગત-સન્માન કરવામમાં આવ્યું હતું.

શાળાના આચાર્ય ફધાર શીજો દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા નૃત્ય તેમજ વ્યક્તવ્ય (સ્પીચ) રજુ કરવામાં આવી હતી. સંચાલન દિપીકા મિશ્રા તેમજ આભાર વિધિ રોઝીતા બીલુંગ દ્વારા કરવામાં આવી હતી.

# રત્નકણિકા

**આત્મગૌરવ ખોઇ નાખનારનું જીવન મૃત્યુ સમાન છે.- ભર્તૃહરિ**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા. બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૪ અંગારકી સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૪૯ ક.), પંચક (રાત્રે ૧:૪૮ ક.થી પ્રારંભ) તા.૨૫ જૂન ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૧૮, શ્રવણ નક્ષત્ર, વૈધૃતિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૪૦ આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), રાત્રે ૧:૪૮ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** — આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.

**વૃષભ** — મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર ન આવે.

**મિથુન** — નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય સંભાળવું.

**કર્ક** — કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.

**સિંહ** — ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.

**કન્યા** — મનમાં વ્યગ્રતા રહે. જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું.

**તુલા** — અણધારી આફત આવી પડે. મનમાં ચંચળતા રહે.

**વૃશ્ચિક** — અણધાર્યો ધન લાભ થાય. ભાગીદારીથી ચેતતા રહેવું.

**ધન** — ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.

**મકર** — સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.

**કુંભ** — મિલ્કત-વાહનોને લગતા પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો.

**મીન** — પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. અધિકારીથી લાભ થાય.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન વાંકીના જયંતીલાલ ગાંગજી નંદુ (ઉં. વ. ૭૮) તા. ૨૩-૬-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી વેજબાઇ ગાંગજી રતનશીના પુત્ર. કસ્તુરના પતિ. ઉમેશ, અલ્પેશના પિતાશ્રી. વેલબાઇ, લક્ષ્મી, પોપટલાલ, દમયંતી, પ્રભા, મણિલાલ, મીના, વનિતાના ભાઇ. વડાલાના દેમુ ગાંગજી પાસુ સાવલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉમેશ જયંતીલાલ નંદુ, ૨૦૪, ક્રિશ્નાશ્રય બિલ્ડીંગ, હરિદાસનગર, આર.એમ. ભટ્ટડ રોડ, કોરા કેંદ્ર, બોરિવલી-વેસ્ટ.

રતાડિયા (ગણેશ)ના મણીબેન પોપટલાલ સાવલા (ઉં. વ. ૭૬) તા. ૨૩.૦૬.૨૪ના અવસાન પામેલ છે. પોપટલાલ પ્રેમજીના પત્ની. સ્વ. ભચીબાઇ પ્રેમજીના પુત્રવધૂ. ભાવના (સ્વ. મનીષ) શિલ્પાના મમ્મી. ટોડાના સ્વ. નાનબાઇ દેવજીના દિકરી. પત્રીના સ્વ. મમ્મીબાઇ, વેલબાઇ ઠાકરશી, વાંકીના સ્વ. મુલબાઇ નાનજી. હરીલાલ, સ્વ. જયંતીલાલ, હરેશ, દેશલપરના જયવંતી સુરેશ, મેરાઉના હંસા સ્વ. રમેશ, ડોણના હર્ષા પરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. ઠે. મણીબેન સાવલા, એ, માધવ ભુવન, રૂમ નં. ૧૨, ડો. બી.એ. રોડ, પરેલ : ૪૦૦૦૧૨.

ગઢસીસાના પાનબાઇ ટોકરશી દેઢિયા (ઉં. વ. ૯૩) તા. ૨૧-૬-૨૪ના અવસાન પામેલ છે. ગામ શેરડીના ઘેલા કેશવ ગાલાની સુપુત્રી. ગઢશીશાના ટોકરશી વેરશીના પત્ની. વલ્લભજી, વસંત, અનિલ, સુશીલા, મંજુલા, ચંદ્રિકા, મણીબેન, રમીલાબેન, કસ્તુરબેનના માતા. દેવકાબેન મગન, મણીબેન વેલજી, જેઠીબેન જેઠાલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ સૂર્યાબેન વલ્લભજી દેઢિયા, પાંચમી શેરી, નવાવાસ, ગઢશીશા – ૩૭૦૪૪૫.ક. ૬. ઓશવાળ દેરાવાસી જૈન

વેલજી નારાયણજી પટેલની પુત્રી ગામ તેરા તથા પદમશી કાનજી મૈશરીના પત્ની જયાબેન (ઉં. વ. ૯૧) ગામ રાપર ગઢવારી તા. ૨૪-૬-૨૪ના ઘાટકોપર મધ્યે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુદનબેન નરેન્દ્ર, ગં. સ્વ. શશીકલાબેન હીરાચંદ, અ. સૌ. ભારતીબેન પારસ મૈશેરીના સાસુમા. કીર્તિ, ચેતન, રાહુલ, ગીતા, ગૌતમ, ગુલાબ જયરાજ, પ્રીયેશ હેતલના દાદીમા. તથા શિલ્પા, ભવ્ય લિમ્પલ, હેતલ, મિતાલી, ચીરાગના દાદી સાસુ. પ્રાર્થનાસ્થળઃ લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયા નગર,કચ્છી લોહાણા

સ્વ. નર્મદાબેન માધવજી પ્રેમજી કોટેચા કચ્છ-તુણા રામપરવાળાના પુત્ર સ્વ. હરિશભાઈ (ઉં. વ. ૭૫) ૨૬-૬-૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ. જશોદાબેન ડુંગરશી ઠક્કર ગામ અંજારવાળાના મોટા જમાઈ. તે વનિતાબેનના પતિ. રિતેશ અને સચીનના પિતાશ્રી. રોમિના અને સુચિતાના સસરા. સ્વ. દામજીભાઈ, સ્વ. લક્ષ્મીદાસભાઈ, સ્વ. મોહનભાઈ, વિનોદભાઈ, ગં.સ્વ. કોકિલાબેન પ્રભુદાસ ભીંડે, દક્ષા નિલેશ કોઠારીના ભાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૨૫-૬-૨૪ના ૫.૩૦ થી ૭ ઓબેરોય એટરનિયા કલ્બ હાઉસ, સાતમા માળે, એલ. બી.એસ. માર્ગ, મુલુંડ (વે). લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

# સ્કૂલ વાહન એસોસિએશન ગાંધીધામના હોદેદારો વરાયા



વજુભાઇ જાડેજાની નિમણુંક કરવામાં આવી હતી જેને હાજર સૌએ વધાવી હતી અને અભિનંદન આપ્યા હતા

ગાંધીધામ : હાલ રાજ્ય સહિત કચ્છમાં પણ સ્કૂલ વાહનોમાં બાળકોની સલામતી અંગે ચેકીંગ ચાલી છે ત્યારે સ્કૂલ વાહન ચાલકો ને સલાહ સૂચન એસોસિએશન ના હોદેદારોની નિમણુંક કરવામાં આવી છે. જેના હોદ્દેદારો તરીકે વર્ષે-૨૦૧૬ થી કાયૅરત પ્રમુખ તરીકે જીતુભાઇ મહેશ્વરી, ઉપપ્રમુખ પ્રકાશ પાતારિયા અને વિનુભાઈ ગઢવી, મહામંત્રી માલારામ કે સુમન, સહમંત્રી પ્રતીક ઠકકર, ખજાનચી નવીન ચારણ, સહ ખજાનચી ખુમાન રોસિયા, સંગઠન મંત્રી વસંતભાઈ ભાનુશાલી, સહકાર જખુભાઈ આહીર, ગોવિંદભાઈ ધેડા, રાજેશ શેખાણી, ન્યાલચંદ,

### ડીપ્લોમા ઇન વૈદિક ગણિત, સંસ્કૃત સંભાષણ અને યોગ અભ્યાસક્રમમાં પ્રવેશ જોગ

ગાંધીધામ : શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા ડીપ્લોમાં ઈન વૈદિક ગણિત, ડીપ્લોમાં ઈન સંસ્કૃત સંભાષણ, ડીપ્લોમાં ઈન યોગના એક વર્ષના અભ્યાસક્રમમાં ધોરણ – ૧૨ પાસ કોઈ પણ ઉમરની વ્યક્તિ પ્રવેશ મેળવી શકે છે.પ્રવેશપત્ર માટેની અંતિમ દિનાંક : ૩૧ - ૮ -૨૪ છે. શ્રી સહયોગ સરસ્વતી વિદ્યા મંદિર, વોર્ડ – ૭, સી, ગુરુકુળરોડ, ગાંધીધામમાં રૂબરૂ મળી ભરી જવા. સાથે ધોરણ ૧૨ ની માર્કસીટ, ત્રણ ફોટા,લિવિંગ અને આધારની નકલ અચૂક લાવવા.



લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા આયોજિત સંસ્કાર હોસ્પિટલ ખાતે પ્રોક્ટોલોજિસ્ટ કેમ્પ સવારે ૧૦.૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી યોજાયો હતો. જેમાં ધીરેનભાઈ મહેતા, એલ.વી..મહેતા, સંજીવ ભાર્ગવ, આરતી છતલાણી, બિંદુ ભાર્ગવ, અનીશા કેવર સભ્યો હાજર રહ્યા હતા



લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા ૧૩મી જૂનના રોજ સાંઈબાબા મંદિર, રામવાડી, આદિપુર ખાતે હંગર પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌજન્યઃ શુભદા શેટ્ટી, તેમજસંજીવ ભાર્ગવ, બિંદુ ભાર્ગવ, આરતી છતલાણી, રવિ પમવાણી, શુભદા શેટ્ટી, ડિમ્પલ આચાર્ય, શોભના, ચક્રવર્તી, હીરો તીર્થની, ધીરેન મહેતા, રાજુ છતલાણી, સાક્ષી પમવાણી, હરિભાઈ ચાવલા, મનોજ અજવાણી સભ્યો હાજર રહ્યા હતા.

# ચડત રકમ અપાવવા હોટલ મેનેજરે માંગ કરી

ભચાઉ : અહીં આવેલી હોટલ ખીમચંપા વિશ્રાતિધામ પટેલ રાજેશભાઈ (ઉ.વ. ૪૭) તેઓ હોટલમાં તા. ૨૬-૫-૨૪થી ચેક ઈન કર્યું હતું અને તા. ૧૮-૬-૨૪ના બીલ બનાવવાનું કહી અચાનક ચાલ્યા ગયા તેના બીલની રકમ અંદાજીત રૂા. ૩૨, ૨૦૦ થાય છે. તેઓએ પોતાનો મોબાઈલ નંબર બંધ કરી નાખેલ છે. અમે છેલ્લા ૪ દિવસથી સંપર્ક કરીએ છીએ અને અમારી સાથે ફ્રોડ થયો છે તેવું મેનેજર લક્ષ્મણ રબારીએ જણાવ્યું છે. ભચાઉ પી.આઈ.ને પત્ર લખી જાણ કરી છે.



તારીખ ૨૧/૦૬/૦૨૦૨૪ના રોજ શ્રી નવી સુંદરપુરી પ્રા. શાળામાં યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી.તેમાં શાળાના તમામ બાળકો કન્યા - કુમાર ભાગ લીધો હતો. સાથે શાળાના શિક્ષકો,SMCના સભ્યો તથા વાલીગણ જોડાયા હતા. જે તસવીરમાં દ્રશ્યમાન થાય છે.



# શુકનવંતુ આદ્રા નક્ષત્ર : કચ્છમાં વરસી મેઘમહેર

**જિલ્લાના ૯ તાલુકામાં ઝાપટાથી બે ઈંચ સુધી વરસાદ : નખત્રાણા, લખપત અને મુંદરામાં એકથી બે ઈંચ : ભુજ - અંજારમાં અડધો ઈંચ વરસાદથી પાણી વહી નિકળ્યા : વાદળછાયા વાતાવરણ વચ્ચે વધુ વરસાદની આશા**


ભુજ


અંજાર

## અબડાસાના ગરડા પંથકમાં વરસાદી ઝાપટા

અબડાસા તાલુકાના ગરડા પંથક વિસ્તારમાં વાયોર, ઉકીર, વાગોઠ, જેઠમલપર, ફુલાય, વાગાપદ્ધર, ભોઆ, સારંગવાડા, ચરોપડી, મોટી નાની, વલસરા, ઐડા, ખારઈ, ખરોડા, જગડીયા, કેરવાઠ, કોષા, અકરી મોટી, લાખાપર, થુમડી, બેર મોટી નાની, નવાવાસ જેવા ગામોમાં સતત ત્રણ દિવસથી અસય ગરમીથી લોકો હેરાન પરેશાન થયા છે. સાંજે પુર્વ દિશામાં ધનઘોર કાળા દિમાગ વાદળ ઘેરાયેલું આસમાનમાં વીજળીના ચમકારે કડાકા ભડાકા સાથે ધીમીધારે ઝરમર ઝાપટાં પડ્યા હતા. અંધારીયા જેઠ વદમાં વરસાદનું આગમન થતાં આ વિસ્તારના લોકો, ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ, દુધના વેપારી, માલધારીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી. વડીલોનાં કહેવું પ્રમાણે જેઠ વદ એટલે કે અંધારીયા જેઠમાં જો ભલે ઝાપટાં સ્વરૂપે વરસાદ થાયએ વરસાદ સારો સુકનવતો કહેવાય. આખો વરસ સારો જાય એવું આ વિસ્તારના જાણકારોનું કહેવું છે.

**મેહૂલે માંડ્યા છે મંડાણ... આયો ધરતીનો ધણી રે મેહૂલીયો**

## નખત્રાણા પંથકમાં દોઢથી બે ઈંચ : લખપતમાં અડધો ઈંચ વર્ષા

**વરસાદના કારણે લોકોને ગરમીમાં મળી રાહત, જોકે બફારાનું પ્રમાણ યથાવત**







**તલની નદી જીવીત થઈ : હાજીપીરમાં વાવાઝોડા સાથે બે ઈંચ, વિરાણીમાં બે ઈંચ વર્ષા : લખપતમાં અડધાથી એક ઈંચથી વીજળી વેરણ, ઠેર ઠેર ગંદકીનું સામ્રાજય : આજે ઉઘાડ નીકળી**

નખત્રાણા : સૂર્યનારાયણની ભઠ્ઠીમાં રીતસર સેકાતા નખત્રાણા, લખપત તાલુકામાં ગાજવીજ સાથે દોઢથી બે ઈંચ ઝાપટાં સાથેના વરસાદે ગરમીમાંથી ઠંડકનો અનુભવ કરાયો હતો. સમી સાંજે ધડાકાભેર ગાજવીજ અને પવનના સુસવાટા સાથે આવી પહોંચેલી મેઘ સવારીએ વિરાણીમાં બે ઈંચ તો નાની બન્નીના તલ, છારી, ફુલાય સહિતના ગામોમાં દોઢથી બે ઈંચ વરસાદ પડ્યાના અહેવાલ મળ્યા હતા. હાજીપીરમાં ધુળની ડમરી સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. ૧૫થી ૨૦ ઘરના પતરા ઉડી જતા ઘર-વખરીને નુકસાન થયું હતું. દોઢથી બે ઈંચ વરસાદ ત્યાં પડ્યો હતો. પાવરપટ્ટીના નિરોણા, ઝુરા, બિબ્બરમાં હળવા ઝાપટા સાથે અડધોથી એક ઈંચ વરસાદ નોંધાયો હતો. તો નખત્રાણા અંગીયા, બેરૂ, કોટડામાં પણ અડધોથી એક ઈંચ જ્યારે નખત્રાણામાં દોઢથી બે ઈંચ વરસાદ પડ્યો હતો. તાલુકાના અનેક વિસ્તારમાં કાળા ડિંબાગ વાદળાએ ઘેરાવ કર્યો હતો. વરસાદથી માલધારી અને ખેડૂત ખુશ છે. આંબાનો રળ્યો સળ્યો પાક ધોવાયો છે. જ્યારે ખારેક બજારમાં આવતા જ વરસાદનો સામાનો કરવો પડ્યો છે. આદ્રા નક્ષત્રમાં જ મેહૂલો વરસી પડતા સારા ચોમાસાની સાથે સચરાચર મેઘ વરસાદના સંકેત મળ્યા છે. વરસાદ વરસતા કાળઝાળ ગરમીથી લોકોને રાહત મળી હતી. નવા ચેકડેમોમાં પાણી આવ્યા હતા. નખત્રાણામાં ઠેર-ઠેર કાદવનું સામ્રાજ્ય છવાયું હતું તો લખપતમાં પણ સમી સાંજે મેહૂલીયાએ અડધાથી એક ઈંચ જેટલો વરસાદ વરસાવ્યો હતો. વર્માનગર, નરા, ઘડુલી, દયાપરમાં અમી છાંટણા સાથે ધીમી-ધારનો વરસાદ ચાલુ રહ્યો હતો. નખત્રાણા, લખપત વિસ્તારમાં મેઘ સવારીથી લોકોમાં આનંદ છવાયો છે. તો આજે સવારથી જ વાદળ છાયું વાતાવરણ છે. સૂર્યનારાયણ દર્શન દીધા છે. ગરમી અને અસહ્ય બફારો ચાલુ છે. આકાસ વાદળોથી ગોરંભાયેલો છે. સાંજે મેઘરાજા પુનઃ પધરામણી કરે તેવા સંકેત સામે આવી રહ્યા છે.

ભુજ : ભારે ગરમી અને ઉકળાટથી ત્રસ્ત કચ્છીજનોની પ્રાર્થના મેઘરાજા સુધી પહોંચી હોય તેમ ગઈકાલે કચ્છના નવ તાલુકામાં ઝાપટાથી માંડી બે ઈંચ સુધીનો વરસાદ થતાં લોકોને ગરમીથી રાહત મળવાની આશા બંધાઈ છે. આજે સવારથી જ કચ્છના વિવિધ વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ અને હવામાં ભેજના ઉંચા પ્રમાણ સાથે મેઘકૃપા વરસે તેવી આશા કચ્છીજનો રાખી રહ્યા છે.

ગઈકાલે સાંજે જિલ્લા મથક ભુજમાં વીજળીના કડાકા - ભડકા સાથે મેઘસવારી આવી પહોંચી હતી. ભુજ ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટાથી અડધો ઈંચ પાણી વરસ્યું હતું. તાલુકાના કુકમા, માધાપર, મિરઝાપર, દેશલપર વાંઢાય તેમજ અંજાર તાલુકાના આંબાપર, સાપેડા સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. ઝાપટા વરસ્તા માર્ગો પરથી પાણી વહી નિકળ્યા હતા. પીજીવીસીએલે પોતાની પરંપરાને જાળવી રાખી હતી. અને ચાર છાંટા પડતાની સાથે શહેર અને ગામડાઓમાં લાઈટ ગુમ થતા લોકોને વરસાદથી નહી પણ પરસેવાથી ન્હાવાનો વારો આવ્યો હતો.

અંજાર પંથકમાં પણ અડધો ઈંચની આસપાસ વરસાદ થયો હતો. મુંદરા અને માંડવી વિસ્તારમાં પણ વરસાદી માહોલ વચ્ચે મેઘરાજાએ હેત વરસાવ્યું હતું. મુંદરા પંથક ગ્રામ્ય વિસ્તારોમાં દોઢથી બે ઈંચ વરસાદના પગલે ખેતરમાં પાણી વહી નિકળ્યા હતા. આજે સવારથી જિલ્લામાં ગોરંભાયેલા આભ સાથે વરસાદની સંભાવના દેખાઈ રહી છે. છે.

## ગઢશીશા વિસ્તારમાં પવનના સુસવાટા સાથે વરસાદી ઝાપટા



ગઢશીશા : કચ્છમાં છેલ્લા કેટલાક દિવસોથી અસહય ગરમીના ઉકળાટ વચ્ચે છુટાછવાયા વરસાદી ઝાપટા તો કયાંક ઝરમર વરસાદનો દોર શરૂ થયો છે. ત્યારે વાવણીનો સમય થઈ ગયો હોય ધરતીપુત્રો વાવણી લાયક વરસાદની આશા સેવી રહ્યા છે. બે દિવસ પૂર્વે શેરડી, ગંગાપર, હમલા મંજલ, રતડિયા સહિતના ગામોમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. ગઈકાલે ભારે ઈન્તજારી અને અસહય ગરમીના ઉકળાટ વચ્ચે ગઢશીશામાં રહી રહીને બે - ત્રણ વરસાદી ઝાપટા વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ગઢશીશા વિસ્તારમાં તમામ ગામોમાં ગઈકાલે સાંજના સાતેક વાગ્યે પવનના સુસવાટા સાથે દસેક મિનિટ ભારે વરસાદી ઝાપટુ પ્રસરી જવા પામી હતી. હાલે વાવણીનો સમય થઈ ગયો હોઈ સારો વાવણી લાયક વરસાદ થાય તો રવિપાકના વાવેતર માટે ધરતીપુત્રો આકાશભણી મીટ માંડી બેઠા છે. ત્યારે હવામાન નિષ્ણાતોએ કરેલી આગાહી મુજબ સારો વરસાદ થાય તેવું ધરતીપુત્રો ઈચ્છી રહ્યા છે.

## વરસાદના ઝાપટા સાથે ભુજમાં વીજ ધાંધિયાથી લોકો અકળાયા



ભુજ : શહેરમાં સામાન્ય વરસાદમાં અનેક સ્થળે વિજ વિક્ષેપ સર્જાતા વિજ વિભાગની પ્રિ મોન્સૂન કામગીરી સામે સવાલો ઉભા થયા છે. શહેરના શિવ કૃપા નગરની પ્રથમ શેરીમાં બપોરે ૪ વાગ્યાથી જીવંત વિજ તાર રસ્તાની વચ્ચે ઝૂલતો જોવા મળી રહ્યો છે. આ વિશેની ફરિયાદ વિજ તંત્રના જવાબદાર અધિકારી સમક્ષ સ્થાનિક દ્વારા કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈજ કર્મચારી સમારકામ માટે પહોંચી શકયા નથી. કર્મચારીઓ એક બીજાના કોન્ટેનકટ નંબર આપી જવાબદારીમાંથી છટકી રહ્યા છે. જો મોટું વાહન આ રસ્તા પરથી પસાર થશે તો વિજ તારના સંપર્કમાં આવી જવાથી જાનહાની થવાની પુરે પુરી સંભાવના દેખાઈ રહી છે. ગઈકાલે ભુજમાં વરસાદનું આગામન થતાં જ વીજધાંધિયા શરૂ થયા હતા. વરસાદ શરૂ થતાં જ શહેરના અનેક વિસ્તારોમાં રાબેતા મુજબ જ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. વરસાદના પગલે ભારે બફારાથી અકળાઈ રહેલા ભુજવાસીઓ વીજ વિક્ષેપથી પરેશાન થયા હતા. કેમ્પ વિસ્તારમાં લાંબા સમય સુધી સર્જાયેલા વીજ વિક્ષેપથી લોકો ગરમી અને ઉકળાટથી પરેશાન થયા હતા. ગત રાત્રીએ ભુજના મુંદરા રિલોકેશન સાઈટ પર લાઈટની સતત અવર જવરથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. વરસાદ બાદ શહેરમાં બફારા અને ઉકળાટનું પ્રમાણ વધ્યું હતું. લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા હતા તેવામાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં વયોવૃદ્ધ વડિલો, બાળકો અને દર્દીઓની હાલત કફોડી બની હતી.

## કચ્છમાં ૧૯૬૩૧ બાળકોને બાલવાટિકામાં અપાશે પ્રવેશ

**શાળા પ્રવેશોત્સવની તૈયારીઓની સમીક્ષા જિલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા કરાઈ: લખપત ખાતે કચ્છ જિલ્લાના પ્રભારી સચિવ હર્ષદ પટેલની અધ્યક્ષતામાં યોજાશે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ**



ભુજ : આગામી પ્રવેશોત્સવ ૨૦૨૪ને લઈને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે બ્રિફિંગનું મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૬મી જૂનથી રાજ્યભરમાં યોજનારા ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ- ૨૦૨૪ બાબતે શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર સહિતના મંત્રીઓ તેમજ અન્ય મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓએ આ બ્રિફિંગ મીટિંગમાં હાજરી આપી હતી.

કચ્છ જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓએ આ બ્રિફિંગ મીટિંગને વર્ચ્યુઅલી નિહાળી હતી. મુખ્યમંત્રી સહિત મહાનુભાવો દ્વારા આપવામાં આવેલા સૂચનો અને માહિતીને ધ્યાને લઈને જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ કચ્છ જિલ્લામાં યોજાનારા પ્રવેશોત્સવની તૈયારીઓની સમીક્ષા માટે અધિકારીશ્રીઓ સાથે બેઠક કરી હતી. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની વિગતો આપીને જણાવ્યું હતું કે, આ વર્ષના પ્રવેશોત્સવમાં બાલવાટિકાની સાથે હાઈસ્કૂલોને પણ આવરી લેવામાં આવી છે. કચ્છમાં ૯૮૭૬ કુમાર અને ૯૭૫૫ કન્યા સહિત કુલ ૧૯૬૩૧બાળકોને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવશે. જ્યારે ધોરણ ૦૧માં ૮૬૧૭ વિદ્યાર્થીઓ અને ૮૩૩૧ વિદ્યાર્થિનીઓ સહિત કુલ બાળકોને ૧૬૯૪૮ પ્રવેશ આપવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ હાઈસ્કૂલમાં એડમિશન મેળવનારા વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. આમ ધોરણ ૯માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૨૬૧૩ રહેશે. જેમાં ૧૧૭૫૧ વિદ્યાર્થીઓ અને ૧૦૮૬૨ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. પ્રવેશોત્સવમાં કચ્છની કુલ ૧૯૭૨ શાળાઓ / હાઈસ્કૂલોને આવરી લેવામાં આવશે. જેમાં ૧૬૬૫ સરકારી શાળાઓ, ૧૧૯ સરકારી હાઈસ્કૂલ, ૨૧ નગરપાલિકા શાળાઓ, ૬૪ આરએમએસએ સ્કૂલ, ૬ મોડેલ સ્કૂલ અને ૯૭ ગ્રાન્ટેડ હાઈસ્કૂલનો સમાવેશ થાય છે.

કચ્છમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન એક દિવસમાં ૩ શાળાઓને આવરી લેવામાં આવે તે રીતે આયોજન કરવામાં આવ્યું છે. ૨૬થી ૨૮ જૂન સવારે ૮થી ૯:૩૦ કલાક સુધીમાં પ્રથમ પ્રાથમિક શાળા, સવારે ૧૦થી ૧૧:૩૦ કલાક સુધી દ્વિતિય પ્રાથમિક શાળા અને બપોરે ૧૨થી ૧૩:૩૦ કલાક સુધી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાને આવરી લેવામાં આવશે. કચ્છની ૧૯૭૨ શાળાઓ - હાઈસ્કૂલોને આવરી લેવા માટે કુલ ૧૩૦ જેટલા રૂટ બનાવવામાં આવ્યા છે.

કચ્છ પ્રભારી સચિવ હર્ષદ પટેલ લખપત ખાતે અધિક સચિવ ક્લાઈમેટ ચેન્જ ડીપાર્ટમેન્ટ બી.એચ. તલાટી રાપર ખાતે અને અધિક કમિશનર તેમજ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સીઈઓ બી.બી. વાહોનિયા ભચાઉ ખાતેના શાળા પ્રવેશોત્સવમાં ઉપસ્થિત રહેશે. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ તમામ અધિકારીઓને શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થઈને કાર્યક્રમને સફળ બનાવવા સૂચન કર્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. પ્રજાપતિ, તાલીમી આઈ.એ.એસ અધિકારી સુશ્રી ઈ.સુસ્મિતા, ભુજ મામલતદાર બી.એન. શાહ સહિત વહીવટીતંત્રના તમામ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વચ્છ ભારત મિશન હેઠળ હમીરસર તળાવ સફાઈ અભિયાન શરૂ કરાયો



**બિનસરકારી સંસ્થાઓ અને જાગૃત્ત નાગરિકોને આ અભિયાનમાં જોડાવા અપીલ કરાઈ : ભુજ નગરપાલીકાના કારોબારી ચેરમેન મહિદીપસિંહ જાડેજા હમીરસરને સ્વચ્છ રાખવા શહેરના દરેક નાગરિકોએ સહયોગ આપવા કરી અપીલ**

ભુજ : દરિયા, નદી, તળાવ જેમાં લોકો કચરો નાખતા હોય છે પરંતુ તે ક્યારે પોતામાં સમાવતો નથી. જો આવું પાણી કરી શકતું હોય તો મનુષ્ય બુદ્ધિજીવી છે. છતાં પણ હાલતા-ચાલતા તળાવ, નદી, દરિયામાં પ્લાસ્ટિકના ઝબલા, ફૂલો, કપડા, નાળિયેર વગેરે તેમાં નાખતા અચકાતો નથી. હવે આપણે જ સમજાવાનું છે કે, પાણી અને મનુષ્યમાં બુદ્ધિજીવી કોણ ? કચ્છી માડુ પહેલા કચ્છના હૃદય સમા હમીરસમાં પાણી આવ્યું અને ઓગનાવવાને કેટલી વાર છે વગેરે પ્રશ્નો પ્રથમ પૂછે છે ત્યારે જેઓ કચ્છ બહારના લોકો જ્યારે માદરે વતન આવે છે ત્યારે હમીરસર તળાવની અચૂક મુલાકાત લે છે સાથે ફરવા આવતા પ્રવાસીઓ પણ અચુક મુલાકાત લેતા હોય છે પરંતુ હમીરસર તળાવમાં લોકો દ્વારા ફેકાયેલો કચરોએ માનવીના સ્વભાવની ચાડી ખાય છે ત્યારે સ્વચ્છતા ક્ષોભ અનુભવે છે. ભુજ નગરપાલીકાના યુવા કારોબારી ચેરમેન મહિદીપસિંહ જાડેજા હમીરસરને સ્વચ્છ કરવા અને રાખવા શહેરના દરેક નાગરિકોએ સહયોગ આપવા અપીલ કરતા જણાવ્યું હતું કે, હમીરસર તળાવ શહેર નહી કચ્છીઓના હૃદયમાં સ્થાન ધરાવે છે. હમીરસરમાં હાલ નગરપાલીકા સહિત વિવિધ સંસ્થા દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ છે. શહેરના દરેક નાગરિકે હમીરસરમાં સ્વચ્છતા જળવાય તે દરેકની જવાબદારી છે. નગરપાલિકાની એન.યુ.એલ. એમ. શાખાએ સ્વચ્છ ભારત મિશન હેઠળ રવિવારે હમીસર તળાવની સફાઈ શરૂ કરી હતી. જેમાં સન્માન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન અને ડેર ટુ હિમ કલબના યુવા કાર્યકર્તા જોડાયા હતા. આદરેલી સફાઈ ઝુંબેશ સવારે આરંભાઈ હતી, એક ટ્રેક્ટર ટ્રોલી ભરાઈ તેટલો કચરો ભરીને બહાર કાઢવામાં આવ્યો હતો. આ તો માત્ર એક ખુણામાંથી કચરો કઢાયો છે. આ ઝુંબેશ હાલમાં આરંભાઈ છે અને હમીરસર તળાવને સાફ કરવા આ ઝુંબેશ ચાલુ રહેશે. ઉલ્લેખનીય છે કે, હમીરસરમાં પાણીની આવ ચોમાસમાં ચાલુ થઈ જાય છે ત્યારે તે જોવા લોકોના ટોળે ટોળા આવતા હોય છે પરંતુ આપણી ઐતિહાસિક ધરોહર-કચ્છનું હૃદય હમીસરમાં સફાઈ કરવા માટે સંસ્થાઓ સિવાય આમ નાગરિકો ક્યારે સામે આવ્યા નથી. જોકે, સેનિટેશન શાખા, અવાર-નવાર તળાવની સફાઈ કરે છે તો પણ પરિસ્થિતિ અમુક દિવસો બાદ તળાવમાં ફરી ગંદકી થઈ જાય છે. જાગૃત નાગરિકો અને બીન સરકારી સંસ્થાઓને સ્વેચ્છાએ સ્વચ્છ ભારત મિશન હેઠળ રવિવારે સફાઈમાં યોગદાન આપવા અપીલ કરાઈ છે.

## ભુજ લોહાણા મહાજન દ્વારા વિવિધ સેવાકીય કાર્યોના કેમ્પનું આયોજન કરાયું



ભુજ : લોહાણા મહાજન દ્વારા વિવિધ સેવાકીય કાર્યો જેવા કે આધારકાર્ડ, પાનકાર્ડ, રાશનકાર્ડ, આયુષ્માન કાર્ડ, બનાવવા માટે કાર્ડ જ્ઞાતિજનોને સગવળતા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. મહિનામાં એક રવિવારે નાનજી સુંદરજી સેજપાલ લોહાણા મહાજનવાડી, રસિક કતિરા કોન્ફરન્સ હોલમાં કેમ્પનો જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ હતો. સરકારી યોજનાઓનો લાભ જ્ઞાતિજનોને તાત્કાલીક મળી શકે તે હેતુસર ભુજ લોહાશા મહાજન દ્વારા કેમ્પનું આયોજન થાય છે. કેમ્પથી જ્ઞાતીજનોનો સમય અને સરકારી ઓફીસોમાં રૂબરૂ જાવું પડતું નથી. ઈ-શ્રમ કાર્ડની અંદર સરકાર દ્વારા લાભાથીઓને સરકાર દ્વારા અકસ્માતનો વિમો ઉતારવામાં આવે છે. અને તેમની ફી પણ સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. આયુષમાન કાર્ડમાં મેડીકલ સારવારના ખર્ચ સરકાર દ્વારા રૂપીયા દસ લાખનો સમાવેશ કરવામાં આવે છે. તેવા કાર્ડ બનાવવા માટે શાતિજનો બહોળી સંખ્યામાં લાભ લે છે.

ભુજ લોહાણા મહાજનના પ્રમુખ ડો. મુકેશભાઈ ચંદે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પ્રકારની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં આભાકાર્ડ વિષે જાણીએ તો આ સેવા લોકોની આરોગ્ય સાથે સંકળાયેલ છે. આભાકાર્ડ ધરાવતાં લોકોનો હેલ્થ રેકોર્ડ તેમાં અંકિત કરવામાં આવે છે. દર્દી જ્યારે પોતાના લેબોરેટરી અને રેડીયોલોજી સબથી રીપોર્ટ કરાવે ત્યારે તે આત્માકાર્ડના ૧૪વાળા લેબોરેટરીનાં કરવાથી તેની એન્ટ્રી કરવામાં આવે છે. આથી કદાચ દર્દીનો આરોગ્ય વિષયક ઈતિનાસ કાયમી સમાવાયેલો રહે છે. દર્દી કદાચ કોઈ જુની ફાઈલ, ટાર્બટિકે લખાણ ભુલી જાય તથા ગુમ થાય તો પણ પુર્વ ઈતિહાસ આ કાર્ડના માધ્યમથી જાણી શકાય છે. દર્દીની થયેલ ટ્રીટમેન્ટ, દવા વિગેરેની પણ તેમાં નોંધ થાય છે. આભાકાર્ડનું અનોખું મહત્વ છે.

ઉપપ્રમુખ ઘનશ્યામપાઈ ઠક્કરે વિવિધ પ્રકારની સેવાઓ માટે ઓળખપત્રો આપવામાં આવે છે. જે પૈકી કેટલીક સેવાઓ સામાન્ય પ્રજાજન માટે ઘણાં ઉપયોગી છે. જેમા આધારકાર્ડ, પાનકાર્ડ, રાશનકાર્ડ, ઈ-શ્રમકાર્ડ, આયુષ્માનકાર્ડની ઉપયોગીતાનું મહત્વ સમજાયું હતું.

આયોજનમાં લોહાણા મહાજન મંત્રી હિતેશભાઈ ઠક્કર, જનસેવા સમિતિના ચેરમેન જયંતભાઈ ઠક્કર, ધીરજભાઈ ઠક્કર, મહેશભાઈ ઠકકર, હર્ષદભાઈ ઠકકર, વિરાગભાઈ શેઠ, ગિરધરભાઈ ઠક્કર, જગદીશભાઈ ઠકકર, રશ્મિકાંતભાઈ ઠકકર, દિલીપભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં પ્રાણલાલભાઈ ઠકકર, ખ્યાતિબેન ઠક્કર, પ્રિયાબેન ઠક્કર તથા મહાજનનો સ્ટાફગણ સહયોગી રહ્યો હતો.

## ભુજની ગાઈડ સંસ્થામાં ડેપ્યુટેશન પર મુકાયેલા અધિકારીની નિયુક્તિથી તર્ક-વિતર્ક

**૪૧૦ કરોડના કથિત ગોટાળાની તપાસ કરનાર સંસ્થામાં જ ગોટાળામાં સંડોવાયેલા પર્યાવરણ નિયાકમને ડેપ્યુટેશન અપાતાં મચી ચકચાર**

ભુજ : વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિ પાસેના ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કમાં થયેલા કરોડોના કથિત ગોટાળામાં સામેલ પર્યાવરણ નિયામકની ભુજમાં બદલી કરવામાં આવી છે. ગુજરાતના સમુદ્રકાંઠે ચેરના જંગલોના થયેલા વિનાશને સુધારવા માટે પર્યાવરણના સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે સરકારે ગુજરાત ઈકોલોજી કમિશનને કામ સોંપ્યું હતું. ઈકોલોજી કમિશનમાં વિશ્વલ જોશીને તે જવાબદારી સોંપવામાં આવી હતી. આ પ્રોજેક્ટમાં ૪૧૦ કરોડનો ગોટાળાની તપાસ ચાલી રહી છે. ચેરના વાવેતરમાં કથિત ગોટાળામાં નિશ્ચલ જોશી સામેલ હોવાનું બહાર આવ્યું છે.

ચેરના વાવેતર પછીની તપાસનું કામ કચ્છની ગુજરાત ઈન્સ્ટ્રીટ્યુટ ઓફ ડેઝર્ટ ઈકોલોજીને સોંપવામાં આવી હતી. આ સંસ્થાએ કરેલી તપાસનો રિપોર્ટ સરકાર પાસે પડી રહ્યો છેત્યારે આ ગોટાળામાં જેમનું નામ સામેલ છે. તેવા પર્યાવરણ નિયામક નિશ્ચલ જોશીને ગાઈડની ભુજની કચેરીમાં ડેપ્યુટેશન પર મુકવામાં આવ્યા છે. ગોટાળાની તપાસ જે સંસ્થાને સોંપાઈ છે. તે સંસ્થામાં જ નિશ્ચલ જોશીને મુકવામાં આવતાં સરકારે તેમને કચ્છમાં ખોટી રીતે નિયુક્ત કરી બચાવી લેવાનો પ્રયાસ કર્યો છે તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.

આ અંગે ગાઈડના ડાયરેક્ટર ડો. વિજયકુમારે જણાવ્યું હતું કે, શ્રી જોશીને હાલે ભુજમાં ડેપ્યુટેશન પર મુકવામાં આવ્યા છે. તેઓ સંસ્થાના અલગ અલગ વિષયો પર કામ કરી રહ્યા છે. ડેપ્યુટેશન અને કથિત કૌભાંડ બંન્ને અલગ અલગ વિષય છે જેને એકબીજાથી કોઈ સંબંધ નથી તેવું તેમણે ઉમેર્યું હતું.

## ખાખી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ખાખીશા પીરનો ઉર્ષ ઉજવાશે

ભુજ : ખાખી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ખાખીશાપીર વલીનો ઉર્ષ મુબારક તા. ૨૪ થી ૨૬ દરમ્યાન યોજવામાં આવશે. જેમાં તા. ૨૫ના રોજ ચાદર પોષી મહેમાનો દ્વારા કરાશે. મહેમાનોના હસ્તે બાળકોને બુક વિતરણ અને મહેમાનોનું સન્માન કરાશે. તા. ૨૬ના બહેનો માટે કાદરી મેમુના આપાની તકરીરનું આયોજન કરવામાં આવેલ છે અને સાંજે ન્યાજનું આયોજન ખાખી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે તો સર્વે ભાઈ-બહેનોને ઉર્ષ પ્રસંગે હાજરી આપવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
સંચાલન અને જાળવણીની જોગવાઈ
ઈ-ટેન્ડર નોટિસ નંબર : Sr.DEE/ADI/17 (24-25) તારીખ: 19.06.2024 ટેન્ડર નંબર : EL-50-1-ADI-T-27-2024-25 કામનું નામ : વડોદરા મંડળ ના સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ)વડોદરા, ના અધિકારક્ષેત્ર હેઠળ વર્ષ 2024-25 માટે ટ્રેક બ્રિજો , રોડ ઓવર બ્રિજો અને ઇઓટી ગર્ડરની દૈનિક જાળવણી અને સમારકામ માટે ઝોનનું કામ.(12 મહિના માટે) (પુનઃ આમંત્રિત-1) અંદાજિત ખર્ચ : ₹40,29,141.05 અર્નેસ્ટ મની : ₹80,600/- ટેન્ડર ફોર્મ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય : 16.07.2024 ના 15:00 કલાક સુધી ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય : 16.07.2024 ના 15:30 કલાકે ઓફિસનું સરનામું : શ્રી. વિભાગીય વિદ્યુત ઇજનેર ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, G.C.S. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અસારવા, અમદાવાદ-382345 વેબ સાઈટ સરનામું : www.ireps.gov.in 80
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - અમદાવાદ
બાંધકામ કાર્ય
ઇ-ટેન્ડર નંબર DyCE-C-V-SIOB-GIM-02 તારીખ: 18.06.2024 ડેપ્યુટી ચીફ એન્જિનિયર (C)V, અમદાવાદ ભારતના યુનિયનના પ્રમુખ વતી નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: (1) ઇ-ટેન્ડર નંબર: DyCE-C-V-SIOB-GIM-02 (2) કામનું નામ: પશ્ચિમ રેલ્વે પર અમદાવાદ મંડળના સામાખ્યાલી ગાંધીધામ સેક્શન ને ચોગુણા કરવાના સંદર્ભમાં ભીમાસર-ગાંધીધામ સ્ટેશનો વચ્ચે કિ.મી.791/5-6 પર હાલના આરોબી ની જગ્યાએ એપ્રોચ રોડ અને અન્ય પરચુરણ કામો સહિત 8 લેન રોડ ઓવર બ્રિજ (3 x 36.0 મીટર સ્પાન રેલ્વે ભાગ)નું બાંધકામ. (3) અંદાજિત કામની કિંમત: 234,21,03,526.20 (4) બિડ સિક્યુરિટી: 1,00,00,000/- (5) ટેન્ડરનો પ્રકાર: બે પેકેટ સિસ્ટમ (6) પૂર્ણતાનો સમયગાળો: 24 મહિના (7) પૂર્ણ થવાનો સમય અને તારીખ: 11/07/2024ના 15:00 કલાકે (8) વેબસાઇટ વિગતો નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઇ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in ડેપ્યુટી ચીફ એન્જિનિયર (C)V, પશ્ચિમ રેલવે, અમદાવાદ 13
અમને લાઇક કરો: facebook.com/WesternRly

॥ જય શ્રી જલારામ બાપા ॥
શ્રી વાગડ લોહાણા રઘુવંશી પરિવાર
ગાંધીધામ (કચ્છ)
::: સામાન્ય સભા (મિટીંગ) :::
જય જલારામ સહ આથી ગાંધીધામ વિસ્તારમાં વસવાટ કરતા વાગડ લોહાણા પરિવારના સભ્યોને જણવાવાનું કે, નીચે મુજબની વિગતે શ્રી વાગડ લોહાણા રઘુવંશી પરિવાર-ગાંધીધામની એક સામાન્ય સભા (જનરલ મિટીંગ) રાખવામાં આવેલ છે, જેમાં દરેક પરિવારજનો ને ઉપસ્થિત રહેવા વિનંતી સહ જણાવવામાં આવે છે.
::: એજન્ડા :::
• ટ્રસ્ટી મંડળ તથા કારોબારીની સંખ્યામાં ઉમેરો કરવા બાબત.
• પ્રમુખ સ્થાને થી અને તેમની મંજૂરી થી જે રજુઆત થાય તે બાબતે ચર્ચા-વિચારણા અંગે.
• સ્થળ : નુતન લોહાણા મહાજન વાડી, ભારતનગર, ગાંધીધામ (કચ્છ)
મીટીંગ તા.૦૯/૦૭/૨૦૨૪ મંગળવાર સાંજે ૬-૦૦ કલાકે
મિટીંગ પુરી થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.
શ્રી વાગડ લોહાણા રઘુવંશી પરિવાર
દેવેન્દ્રભાઈ એ સોમેશ્વર, પ્રમુખશ્રી | અશ્વિનભાઈ કે જોબનપુત્રા, મંત્રીશ્રી | મહાદેવભાઈ પી હાલાણી, મંત્રીશ્રી

# ડ્રગ્સના દુષણને ડામવા પૂર્વ કચ્છ પોલીસ કટિબદ્ધ

**નો ડ્રગ્સ ફ્રી ઈન્ડીયા કેમ્પેઈન અંતર્ગત પૂર્વ કચ્છ જિલ્લા પોલીસના ઉપલક્ષમાં ગાંધીધામમાં યોજાઈ વિશાળ રેલી : પૂર્વ કચ્છ એસપીશ્રી સાગર બાગમારે ડ્રગ્સના દુષણને ડામવા પોલીસની સાથે સમાજ, સમાજના ધર્મગુરૂઓ, વિવિધ એનજીઓના પ્રતિનિધીઓ, શાળા-કોલેજ-ટ્યુશનના સંચાલકો, વિદ્યાર્થીઓ અને માવતર સહિતનાઓને સહીયારા પ્રયાસો આદરવા કરી હાકલ**

**ગાંધી માર્કેટથી શરૂ કરાયેલી રેલીમાં સંકુલની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, નાગરીકો મોટી સંખ્યામાં રહ્યા હાજર**













ગાંધીધામ : આજ રોજ નો ડ્રગ્સ ફ્રી ઈન્ડીય અંતર્ગત જ નો ડ્રગ્સ ઈન કચ્છ ઝુબેશ અંતર્ગત આજ રોજ પૂર્વ કચ્છ પોલીસતંત્ર દ્વારા એક નવતર આયોજન કરવામા આવ્યુ હતુ. આજ રોજ પૂર્વ કચ્છ એસપીશ્રી સાગર બાગમારના નેતૃત્વ તળે અને આપના સાથે આપના માટેના સુત્રને વરેલ પૂર્વ કચ્છ જિલ્લા પોલીસના ઉપક્રમે કેફ પદાર્થના દુરઉપયોગ અને ગેરકાયદેસર હેરાફેરી વિરૂદ્ધના દિવસની ઉજવણીના ભાગરૂપે જનજાગૃતી ફેલાવવા તા. ૨૫મીજુન ૨૦૨૪ના રોજ ગાંધીધામ ખાતે એક રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સવારે શહેરના ગાંધીમાર્કેટથી આ રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતું.

આજ રોજ આ રેલી અંતર્ગત જ પૂર્વ કચ્છ એસપીશ્રી બાગમાર દ્વારા ઉદબોધન કરી અને કહેવાયુ હતુ કે, આજની આ રેલી ડ્રગ્સના દુષણને ડામવાની દીશામાં જાગૃતી ફેલાવવાના ભાગરૂપે યોજવામા આવી છે. તેમા પણ ખાસ કરીને યુવા પેઢીને આવા દુષણથી દુર રહેવાની દીશામાં જાગૃત કરવાના ઉદેશ્ય સાથે યોજવામાં આવી છે.

જયારે કોઈના ઘરમાં, કોઈના પરીવારમાં એક વ્યકિત પણ ડ્રગ્સના દુષણથી સંકળાયેલો હોય તો તેની ખુબજ ખરાબ અસર પરીવાર પર પડવા પામતી હોય છે. ડ્રગ્સની લત અને સેવનમાં કોઈ જાડોઈ જતુ હોય, શરૂઆતમાં તેઓને કદાચ ખબર ન પડતી હોય પરંતુ લાંબા સમયમાં ડ્રગ્સના વ્યસનીને જોઈએ તો તે બરબાદ થઈજતા હોય છે. શ્રી બાગમારએ આ તબક્કે કહ્યુ હતુ કે,

પોલીસને મળતી માહીતીના આધાર તો પોલીસે તો તેને મળતી માહીતી અનુસાર કાર્યવાહી કરે જ છે, પરંતુ આ કાર્યવાહી હજુય અડધી ઘણી શકાય તેમ છે. ડ્રગ્સને ડામવા માટે અને સંપૂર્ણ રીતે ત્યારે જ ડામી શકાશે કે જયારે સમાજ, બાળકો અને તેમના માતાપિતા પણ જાગૃતી કેળવી અને ડ્રગ્સના દુષણને ડામવાની દીશામાં આગળ આવે.

તેઓએ વધુમાં કહ્યુ હતુ કે, ડ્રગ્સના દુષણને ડામવા આ રેલી માત્ર એક શરૂઆત છે. આજે ગાંધીધામ શહેરની અલગ અલગ શાળાના બાળકોએ અહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. અલગ અલગ સમાજના ધર્મગુરૂઓ, અલગ અલગ એનજીઓ સાથે જોડાયેલા પ્રતિનિધિ ગણો, સ્કુલ, કોલેજ, ટ્યુશનના બાળકો હોય તેઓ વધુને વધુ જાગૃતીનો કાર્યક્રમો યોજાશે અને તે માધ્યમોથી કોઈને પણ ડ્રગ્સ બાબતે માહીતીઓ મળતી હોય તો પોલીસની સાથે શેર કરે, પોલીસ ચોકકસથી તેની ખરાઈ કરી અને જરા સહેજ પણ વિલંબ કર્યા વિના તેની સામે કડક રાહે કાર્યવાહી કરશે તેવી ખાત્રી શ્રી સાગર બાગમાર દ્વારા આપવામાં આવી હતી.

આજ રોજ યોજાયેલી રેલીમાં એસપી શ્રી સાગર બાગમાર, ડીવાયએસપીશ્રી પરેશ રેણુકા, પીઆઈ શ્રી ગોહીલ સર, નંદલાલ ગોયલ, અનિલ સાંલેચા, અગ્રવાલ સમાજના સમીરભાઈ ગર્ગ, સેવા પ્રયાસના યશદિપસિહ જાડેજા, સંજયભાઈ ગાંધી, શ્રીમતી આશાબેન, ડો.કાનાત અંસારી, સીજી હાઈસ્કુલના ભરતભાઈ બચવાણી સહિતનાઓ હાજર રહ્યા હતા.

## હાય રે બેકારી... ઘરના બે છેડા ભેગા ન થતા શ્રમજીવીએ મોતને વ્હાલું કર્યુ

**ભચાઉમાં મોટી ચીરઈ હાઈવે પર આવેલી લેબર કોલોનીમાં બનેલા બનાવે સરકારની 'ગરીબી હટાવ યોજના' માત્ર કાગળ પર હોવાનો ખુલાસો કર્યો**

ભચાઉ : સરકાર ભલે વાતો કરતી હોય કે અમે ગરીબી નાબુદ કરી છે. રોજગારી આપીએ છીએ. પરંતુ જેના પર વીતે તે જ હકિકત જાણે છે. બાકી એસી ચેમ્બરમાં બેસી આંકડા લખવા સહેલા છે અને ભઠ્ઠીમાં કામ કરવું અઘરું છે. બિહારમાં પ્રેમલગ્ન કર્યા બાદ રોજગારી ન મળતા છેક કચ્છ સુધી આવેલા શ્રમજીવી પરિવારના ઘરના બે છેડા ભેગા ન થતા હતાશ થઈને ૨૦ વર્ષિય યુવકે આપઘાત કરી લેતા આ પરિવારનો માળો બંધાય તે પહેલા વિખાઈ ગયો છે.

ભચાઉમાં માઈક્રો પ્લાયવુડ કંપનીની કોલોનીમાં બિહારી યુવકે આપઘાત કરી લીધો હતો. પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ મોટી ચીરઈ હાઈવે રોડ પર આવેલી આ કંપનીની કોલોનીમાં આ બનાવ બન્યો હતો. બાથરૂમમાં અંદરથી દરવાજો બંધ હતો. ખખડાવવા છતાં દરવાજો ખુલ્યો નહીં અને ધક્કો મારીને જતા ન્હાવાના ટુવાલથી એંગલમાં ફાંસો ખાઈ લીધેલી હાલતમાં ૨૦ વર્ષિય મોનુકુમાર ચાલીતાર પાસવાન (કુશ્વાહ)નો મૃતદેહ જોવા મળ્યો હતો. આસપાસના પરપ્રાંતિય કામદારોએ ભેગા થયા અને તાત્કાલિક બોલેરો ગાડીમાં સરકારી દવાખાનામાં લઈ જતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ લેબર કોલોનીમાં હતભાગી સાથે તેની પત્નિ પણ છેલ્લા દોઢ મહિનાથી રહે છે. ૨૦ વર્ષિય પત્નિ અનિતાબેને પોલીસમાં જણાવ્યું કે, બે વર્ષ પહેલા અમોએ પ્રેમ લગ્ન કર્યા હતા. વતનમાં કામ ધંધો ન મળતા ગુજરાત આવ્યા હતા. ૨૩ તારીખે રાત્રે દસ વાગ્યાના અરસામાં ઘરે હતા ત્યારે પતિએ આપવીતિ વર્ણવતા જણાવ્યું હતું કે, મારે કેટલા માણસોનું પુરૂં કરવું, મારો પગાર ઓછો પડે છે. ઘરે ગામડે માતા અને ભાઈઓને પૈસા મોકલવા પડે છે. આર્થિક સંકળામણના કારણે પતિ સતત ટેન્શનમાં રહેતો હતો. પત્નિએ દિલાસો આપ્યો કે સારા દિવસો આવશે, તમે જમી લ્યો.. જમવાનું આપતા પતિ મોનુ એ કહ્યું કે, મને પેટમાં દુ:ખે છે હું બાથરૂમમાં જાઉં છું. બાથરૂમમાં ગયા અને લાંબા સમય સુધી બહાર ન આવતા દરવાજો ખખડાવ્યો અને બાદમાં ધક્કો મારી દરવાજો તોડી નાખતા પતિનો ફાંસો ખાધેલી હાલતમાં દેહ મળી આવ્યો હતો. આ ઘટનાને પગલે નવ પરિણીતાનો પરિવારનો સંસારનો માંડવો બંધાય ત્યાં વિખાઈ ગયો છે.

## બીટા વલાડીયામાં ટાંકામાં ડૂબી જવાથી બાળકીનું મોત

અંજાર તાલુકાના બીટા વલાડીયા ગામે રાધા ક્રિષ્ના મંદિર પાસે ટાંકામાં ડૂબી જવાના કારણે બાળકીનું મોત થયું હતું. અંજાર પોલીસે જણાવ્યું કે, ૨૪ જૂનના બપોરે પાંચ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. ૯ વર્ષિય એંજલ રમેશ કોઠીવાર કોઈ કારણોસર ટાંકામાં પડી જતા ડુબી જવાના કારણે મોત થયું હતું. આ ઘટનાના પગલે પરિવારમાં અરેરાટી છવાઈ જવા પામી હતી.

## રાપરમાં બે આખલાની લડાઈમાં હડફેટે આવી જતા ૨૫ વર્ષિય આશાસ્પદ યુવકનું મોત

**પિતા વિહોણા યુવક પર હતી આખા ઘરની જવાબદારી : કેન્સરગ્રસ્ત માતા અને ભાઈ-બહેન પર આભ તુટી પડ્યું**

**રાપર નગરપાલિકાના ભ્રષ્ટ શાસકોના પાપે શહેરમાં નિર્દોષ લોકોના મોત થવા છતા પેટનું પાણી હલતું નથી : શહેરમાં બેફામ પણે જાહેરમાં ઘાસચારો વેચાય છે, નવા ઢોર રાખવા સંસ્થાનો નનૈયો અને પોતાના ઢોર શહેરમાં છુટથી ફરે છે : યુવાનના મોત સંદર્ભે બેદરકારી સબબ પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર સહિતનાઓ સામે થવી જોઈએ કાર્યવાહી**

રાપર : વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર શહેર તથા આસપાસના વિસ્તારમાં રખડતા ઢોરો અને આંખલાઓનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે. નગરપાલિકા દ્વારા ઢોર પકડવામાં લાજ કાઢવામાં આવી રહી છે ત્યારે રખડતા ઢોરની હડફેટે વધુ એક યુવાનનું મોત થયું છે.

ગત રાત્રે શહેરની એચપી ગેસ એજન્સીમાં નોકરી કરતા અને હેલીપેડ નજીક રહેતા ૨૫ વર્ષિય જીગર ખેંગારભાઈ ભરવાડ પોતાના ઘરે જતા હતા ત્યારે બે આંખલાઓની લડાઈમાં જીગરની બાઈક સાથે ભટકાતા હડફેટમાં લઈ આખલાએ પેટના ભાગે શિંગડાં ભરાવી દેતા ગંભીર ઈજાઓ થઈ હતી. જેને આસપાસના લોકો દ્વારા એમ્બ્યુલન્સ મારફતે રાપર સીએચસીમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયાંથી વધુ સારવાર માટે ભુજની કે.કે.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન વહેલી સવારે આશાસ્પદ યુવાનનું મોત થયું હતું. મરણ જનારના પિતા નથી. માને કેન્સર છે એક ભાઈ અને બહેન છે એટલે ઘરની તમામ જવાબદારી મરણ જનાર પર હતી. યુવકના નિધનથી પરિવાર પર આભ તૂટી પડયું હતું.


હતભાગી

રાપર શહેરમાં અવારનવાર આખલાની લડાઈમાં નિર્દોષ લોકોના મોત થાય છે. દોઢ મહિના અગાઉ અયોધ્યાપૂરીમાં નિવૃત્તિ જીવન ગુજારતા કરશનભાઈ માલીનું મોત થયું હતું અને અગાઉ પણ ૭ જેટલા લોકોના મોત થયા છે અને અનેક ઘાયલ થયા છે તો નગરપાલિકા દ્વારા પગલાં લેવામાં આવે તેવી માંગ કરાઈ હતી. રાપર શહેરમાં રખડતા ઢોરો અને આખલા રાપર શહેરમાં ઢોર નિભાવી રહેલ એક સંસ્થાના છે. ચરિયાણ માટે જતાં ઢોરો ગામમાં આવી જાય છે. ગામડામાંથી ઢોર મુકવા માટે આવે છે ત્યારે આ સંસ્થા ઢોર રાખવાનો નનૈયો ભણી દે છે એટલે ગ્રામ્ય વિસ્તારોમાંથી ઢોર મુકવા માટે આવતા ખેડૂતો અને પશુપાલકો રાપરના પાદરમાં કે આ સંસ્થા પાસે મુકી જતાં રહે છે એ યાદ રાખવું જરૂરી છે હાલ તો કેન્સરગ્રસ્ત માતા, એક બહેન અને ભાઈનો જીવન નિર્વાહ કરતાં યુવાનના મોતથી પરિવાર નોંધારો થઈ ગયો છે. ઉપરાંત રાપરમાં શાળા અને મંદિર નજીક ઘાસચારો વેચાણ થઈ રહ્યો છે નગરપાલિકા કલેકટરના આદેશનું પાલન કરવામાં નિષ્ફળ ગઈ છે ઘાસચારો વેચાણ કરતા લોકોને શહેરની બહાર તેમજ શાળા મંદિર પાસે વેચાણ ના હોવુ જોઈએ તેવું જાહેરનામું કલેકટરે પ્રસિધ્ધ કર્યું છે પરંતુ રાપર શહેરમાં નગરપાલિકાના ચાર હાથ વચ્ચે શાળા તથા મંદિર, હોસ્પિટલ નજીક જ ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. આથમણા નાકા પાસે આવેલ શાળા, હોસ્પિટલ, મંદિર અને મસ્જિદ પાસે લગભગ ૪૦૦થી ૫૦૦ રખડતા ઢોરો અને આખલા દિવસભર જોવા મળે છે. શાળા દરમિયાન કોઈ વિધાર્થીઓ કે વડિલો હડફેટે આવશે તો જવાબદાર કોણ એ પ્રશ્ન ચર્ચાનો વિષય છે. એટલે નગરપાલિકા દ્વારા ઘાસચારો શહેરમાં વેચાણ કરતા વેપારીઓ સામે પ્રતિબંધ મુકવો જોઈએ તેવી માંગ ઉઠી છે. રાપર પોલીસે ડોક્ટરની જાણવા જોગ ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

## ભુજના ગણેશનગરની સગીરા પર બળાત્કાર ગુજારાયો

ભુજ : શહેરના ગણેશનગરમાં રહેતી સગીરા પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની ઘટના પોલીસ ચોપડે ચડી છે. મધ્યપ્રદેશના બલરામસિંહ મહેશસિંહ ઠાકુર નામના શખ્સે સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેને કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો. લગ્ન કરવાના ઈરાદે મધ્ય પ્રદેશ લઈ જઈ ત્યાં બળજબરીથી શરીર સબંધ બાંધવામાં આવ્યો હતો. ભુજમાં ઘરે બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની હકિકત ફરિયાદમાં જણાવવામાં આવી છે. એ ડિવિઝન પોલીસે આરોપી સામે પોકસો સહિતની કલમો તળે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દરમ્યાન માંડવી તાલુકાના પીપરી ગામેથી ૧૬ વર્ષની સગીરાનું અપહરણ થતા કોડાય પોલીસમાં ગુનો દાખલ થયો હતો.









**કચ્છમાં બનાવટી આધારો રજૂ કરી**

## બોગસ ખેડૂત ખાતેદાર સામે કાર્યવાહી કરવામાં તંત્રની ઢીલાશ

**ભુજ તાલુકાના વડઝર ગામના બોગસ ખેડુત સામે તપાસ ઠેરની ઠેર : કચ્છ જિલ્લામાં ભળતા નામ અને અટકનો ગેરલાભ લઈ કેટલાક લોકો બની ગયા છે ખેડૂત ખાતેદાર : બનાવટી દસ્તાવેજી આધારોની તલસ્પર્શી તપાસ થાય તો જિલ્લામાં મોટા કૌભાંડનો થઈ શકે ખુલાસો : ગણોત ધારાની કલમ-૧૨૨ની કાર્યવાહી અધરતાલથી નારાજગી : ભુજ તાલુકાના વડઝર સહિત કચ્છના કેટલાક ભોગસ ખેડુત ખાતેદારો સામે ચાલતા કેસનો હુકમ બાદ પણ નિવેળો આવતો નથી**

ભુજ : ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે, જગતનું ભરણપોષણ કરતા કિસાનોનું જીવનધોરણ સુધરે અને તેમની આવક બમણી થાય તે માટે કેન્દ્ર અને રાજય સરકાર અનેકવિધ કિસાન કલ્યાણકારી યોજનાઓ ચલાવે છે તો બીજી તરફ સરકારી લાભ મેળવવા કેટલાક લેભાગુઓ બોગસ ખેડૂત ખાતેદાર બની ગયા છે. ભુજ તાલુકાના વડઝર ગામમાં ભળતા નામનો ઉપયોગ કરી બોગસ ખેડુત ઉપર ભુજ મામલતદારમાં કેસનો ચુકાદો આવ્યા બાદ પણ કોઈ કાર્યવાહી ન થતો સવાલો ઉભા થયા છે. ભુજ મામલતદારે ગણોત ધારાની કલમ-૧૨૨ હેઠળ કેસ ચાલ્યો, હુકમ કર્યા બાદ પણ આગળની કોઈ કાર્યવાહી હાથ નથી ધરાઈ તો બીજી તરફ મામલતદારે ઈ-ધરાને આ બાબતનો હુકમ કર્યા છતાં તેમણે કોઈ કાર્યવાહી કરી હોય તેવો દેખાતો નથી. આવા ખોટા ખેડુત ઉપર ફોજદારી સહિત કડક અન્ય કાર્યવાહી પણ થવી જોઈએ તેવી માંગ પણ ઉઠવા પામી છે.

કચ્છ જિલ્લામાં બોગસ ખેડૂત ખાતેદારના અનેક કિસ્સાઓ ઉજાગર થયા છે. કાયદેસરના ધોરણે બોગસ દસ્તાવેજી પુરાવાઓના આધારે અને ભળતા નામનો ઉપયોગ કરી ખેડૂત ખાતેદાર બની જમીન ધારણ કરનાર ઉપર ગણોત ધારાની કલમ-૧૨૨ તળે કાર્યવાહી કરવામાં આવતી હોય છે. કચ્છ જિલ્લામાં કેટલાક કિસ્સાઓમાં નામની સમાનતાનો ગેરલાભ લઈ લોકો બોગસ ખેડૂત ખાતેદાર બની ગયાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં એક સરખા નામ અને અટકનો ગેરલાભ લઈ કેટલાક લોકોએ ખેતીની જમીન ધારણ કરી લીધાનું પ્રકાશમાં આવ્યું છે. ભૂતકાળમાં આ બાબતે રેકર્ડની ખાસ તપાસ "ટાઈટલ ક્લિયરન્સ" હાથ ધરવામાં આવી હતી. ટાઈટલ ક્લિયરન્સની કાર્યવાહી આગળ ન વધતા લેભાગુ તત્ત્વોને મોકળું મેદાન મળી ગયું હતું. પરંતુ ભૂમાફિયાઓની આ મોડસ ઓપરેન્ડી તંત્રના ધ્યાને આવ્યા બાદ હવે ખેતીની જમીનની નોંધ પાડતી વખતે રેકર્ડની ખરાઈ વિવિધ પાસાઓને ધ્યાને લઈ કરવામાં આવી રહી છે. જેથી બીજી કે ત્રીજી પેઢીએ નામમાં અસમાનતા સામે આવતા બોગસ ખેડૂત ખાતેદારના પોત પ્રકાશમાં આવી જતા હોય છે.

આ ઉપરાંત જિલ્લામાં અનેક જગ્યાએ બોગસ દસ્તાવેજી આધારો ઊભા કરી ખેતીની જમીન ધારણ કરી બોગસ ખેડૂત ખાતેદાર બન્યાના કિસ્સાઓ ઉજાગર થયા છે. ભુજ તાલુકાના વડઝર ગામનો કચ્છભરમાં ચકચારી બનેલ કિસ્સો તેનું ઉદાહરણ છે. આ કિસ્સામાં વર્ષ ૨૦૨૩ ના ઓગસ્ટ મહિનામાં તત્કાલિન મામલતદાર અને એગ્રીકલ્ચર લેન્ડઝ ટ્રીબ્યુનલ વી.એલ.બારહટે બોગસ ખેડૂત ખાતેદારોએ બનાવટી આધારો રજૂ કરી ધારણ કરેલી જમીન સરકાર હસ્તે દાખલ કરી આરોપીઓ અન્ય કોઈ ગામમાં જમીન ધારણ કરેલ છે કે કેમ તે રેકર્ડની ખરાઈ કરી તપાસ કરવા ઈ-ધરાના નાયબ મામલતદારને હુકમ કર્યો હતો. તો હુકમ કર્યા બાદ આગળની કોઈ કાર્યવાહી થઈ હોય તેવો દેખાતો નથી. આ ખેડુત ખાતેદાર અન્ય ગામોમાં કેટલીક જમીન ધારણ કરેલ હોવા છતાં તંત્ર તેમાં ધ્યાન લીધો હોય તેવું હાલ દેખાતો નથી.

અત્રે ઉલ્લેખનીય છેક , ભુકંપ બાદ કચ્છમાં જમીનના ભાવ આશમાને પહોચતા બંજર પડેલી જમીન એકા - એક સોનાની લગડી સમાન બની ગઈ હતી. હાલમાં બોગસ ખેડુત ખાતેદારના ભુજ તાલુકામાં કેટલાક કેસો ચાલી રહ્યા છે તો કચ્છમાં આવા અનેક કેસોના હુકમ થવાના આરે છે. ત્યારે અગાઉ આવેલા હુકમોનો અમલી ક્યારે થશે તે જોવું રહ્યું.